॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


# ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

------X------

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# 'ગુરુતત્ત્વ'—વિશેષાંક

'માનવીની અંદર દિવ્યતાની જે સંભાવનાઓ પડી છે, તે જ્યારે શતદલ કમળની જેમ પૂરબહારમાં ખીલી ઊઠે છે, જ્યાં અહંકારનું પૂરેપૂરું નિરસન થઇ જાય છે; એ ગુરુપદમાં વિરાજિત ચેતનાનું નામ 'ગુરુ' છે.'

—વિમલા ઠકાર



# અનુક્રમ


| | | |
|---|---|---|
| | નિવેદન | ૫ |
| ૧ | ગુરુ | ૮ |
| ૨ | સત્સંગ | ૯ |
| ૩ | મૌન ઉપદેશ | ૧૦ |
| ૪ | આદિ ગુરુ (દક્ષિણામૂર્તિ : મૌનસ્વરૂપ સ્વયં શિવ) | ૧૨ |
| ૫ | દક્ષિણામૂર્તિની વાસ્તવિક કથની | ૧૪ |
| ૬ | આદિ શંકરાચાર્યનું પ્રેરક જીવન | ૧૬ |
| ૭ | ગુરુવિભાવના | ૨૧ |
| ૮ | સદ્ગુરુ વિશે | ૨૪ |
| ૯ | ગુરુકૃપા | ૨૮ |
| ૧૦ | ગુરુની આવશ્યકતા છે કે નહીં ? | ૩૦ |
| ૧૧ | શ્રી યોગેશ્વર-કથામૃત | ૩૫ |
| ૧૨ | ગુરુપૂર્ણિમા | ૩૯ |
| ૧૩ | 'મા' પૂર્ણિમા | ૪૧ |
| ૧૪ | શ્રી રામકૃષ્ણ અને નરેન્દ્ર | ૪૬ |
| ૧૫ | શ્રી રામકૃષ્ણ અને માસ્ટર મહાશય | ૫૩ |
| ૧૬ | ગુરુનું સૂક્ષ્મ અવલોકન : દયામાતા | ૫૯ |
| ૧૭ | શિષ્યાનો સૂક્ષ્મ આદર : જ્ઞાનમાતા | ૬૧ |
| ૧૮ | કર્પૂરવનમાં સાધનાપર્વ | ૬૩ |


------X------


ઋણસ્વીકાર

શ્રી યોગેશ્વરજી (ધર્મનો સાક્ષાત્કાર, પ્રભુપ્રાપ્તિનો અર્થ)
સ્વામી શ્રીસર્વસ્થાનંદ (સ્વામી વિવેકાનંદ)
શ્રી કાર્તિકેયભાઈ ભટ્ટ (ગુરુવિભાવના)
સેમ્યુઅલ બર્ચિઝ, (શ્રી રમણ મહર્ષિનો અધ્યાત્મબોધ)
કેવળ પ્રભુ, માત્ર પ્રેમ (આંશિક અનુવાદ)

# નિવેદન : ગુરુ વ્યક્તિ નહીં, તત્ત્વ છે.

જુલાઈમાં આવનાર 'ગુરુપૂર્ણિમા'ના પર્વને વધાવવા 'અધ્યાત્મ'નો આ અંક 'ગુરુતત્ત્વ' નામ ધારી, નવા રંગરૂપે આવી રહ્યો છે. કારણ ગુરુકૃપા હી કેવલમ્.

કહેવાયું છે : 'આ ભૂમંડળમાં 'માંગલ્યની વર્ષા' કરતો પ્રભુનિષ્ઠ સંતોનો એક સમુદાય છે. એ હાલતાં-ચાલતાં 'કલ્પવૃક્ષ' છે. એ એવા 'ચૈતન્યચિંતામણિ' છે કે, જે પોતાનાં વાણી તેમજ મૌન દ્વારા 'આત્માનુભવનું અમૃત' પિવડાવી, આપણા દેહ-મનમાં બંધાયેલા, સુખદુઃખમાં અટવાયેલા જીવનને 'શાશ્વત આનંદ' અને 'પરમ શાંતિ'ની પહેચાન કરાવે છે.'

આપણા સદ્નસીબે 'સ્વર્ગારોહણ'માં આવા બબ્બે સાચા સંતો : એક સૂક્ષ્મરૂપે તો બીજા પ્રગટરૂપે, આપણા કલ્યાણ માટે સદૈવ ઉપસ્થિત છે. એટલું જ નહીં, એમને આપણી સતત પ્રતીક્ષા છે કે, આપણે અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશથી મુક્ત થઈ એમની સંનિધિમાં ક્યારે પહોંચીશું ? એટલે 'ગુરુ' દોહ્યલા નથી, પરંતુ શિષ્ય બનવું આપણા માટે અઘરું-ઘણું અઘરું છે.

બાકી, 'પ્રકાશના પંથે' વિહરતાં વિહરતાં જે સ્વયં પ્રકાશરૂપ બની રહ્યા હોય એવા સદ્ગુરુ શ્રી યોગેશ્વરજી હાજરાહજૂર હોય અને એમની પુણ્યસંનિધિના પારસસ્પર્શે પારસ બની, આપણા લોઢાને સુવર્ણમાં પલટાવવા સદા ઉત્સુક એવાં સર્વસમર્પિત



આજીવન શિષ્યા બની રહેનાર વિનમ્ર 'મા' સર્વેશ્વરીનો જીવંત પરિચય જે પામે એનામાં શિષ્યત્વ ન જાગે એવું બને ખરું ? વળી 'ગુરુકૃપા તો સતત વરસતી જ હોય છે પણ આપણો જ ઘડો ઊંધો હોય તો એ જળથી ભરાય કેવી રીતે ?'

'ગુરુ' શબ્દની ગુરુતા-મહત્તા જેટલી 'મા' સર્વેશ્વરીએ કરી છે, મન-વચન-મૌન-કર્મથી કરી છે; એવી મહત્તા ભાગ્યે જ કોઈએ કરી હશે. અત્યારે સાંપ્રતમાં પણ હર ક્ષણ 'અંતર્ગુરુ'ને આરાધતાં રહી, બહાર-ભીતર, અખંડ અદ્વૈત ગુરુતત્ત્વનો મહિમા 'મા' જે રીતે કરી રહ્યાં છે, જે ભાવથી કરી રહ્યાં છે એ જોતાં આવા અનુપમ શિષ્યત્વનો જોટો પૃથ્વીપટ પર જવલ્લે જ જોવા મળે.

ઈ.સ.૧૯૭૦ થી ઈ.સ.૧૯૮૪ સુધીનો પરમ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજી સાથેનો 'મા'નો સહવાસ, મન-હૃદય-આત્માનો ચૈતન્યસંબંધ, એમના અંતરદીપને પ્રગટાવવાનું, એની જ્યોતને વધારે ને વધારે દેદીપ્યમાન કરવાનું સામર્થ્ય એવું સિદ્ધ કરી ગયો કે 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'ની શાશ્વતી એમાં સદાકાળ ઝળહળતી થઈ ગઈ.

'૨૭ મે વરસે' 'મા' લખે છે : 'જે નવી દિશા ઊઘડી તે દિશાનું નામ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ જેવું પ્રચલિત નામ નહીં. એ દિશાનું નામ જ યોગેશ્વર ! સાત્ત્વિકતા, પવિત્રતા, મૌન, પ્રાર્થના અને સંયમનો ઉઘાડ લઈ, એ યોગેશ્વર દિશા તરફ આંખો મીંચીને ચાલ્યા કરીશું તો પણ અલખના પ્રદેશમાં પહોંચી જઈશું.'

આજે ૭૫મે વરસે 'મા' અનુભવે છે કે, 'હવે પૂજ્યશ્રી પાસે વારે વારે દોડીને બધું કહેવાતું હતું તે બંધ થઈ ગયું છે. અભેદ છે. 'મા' અખંડ આનંદમાં ઠેકડા મારતાં જ રહે છે. સહજ જ આનંદ !'

તો બેમિસાલ ગુરુભક્તિ-અનન્ય શિષ્યત્વ 'મા' 'મા'ને, અલખના પ્રદેશમાં પહોંચાડી જ દે છે ! આજનાં 'મા'ની સહજાવસ્થા, શાન્ત-પ્રસન્ન સ્થિતિ સમસ્ત વિશ્વ સમક્ષ 'ઉત્તમોત્તમ ગુરુ અને ઉત્તમોત્તમ શિષ્ય'નું ઉજ્જવલ દૃષ્ટાંત બની, સર્વ અધ્યાત્મપ્રેમીઓ માટે સમજણનું એક નવું દિગ્દ્વાર ખોલી દે છે.

સૌ કોઈ જાણે છે કે, સૃષ્ટિને અજવાળવા સૂર્ય સીધેસીધો આકાશમાંથી નીચે નથી ઊતરી આવતો પણ એનાં સૂર્યકિરણોને મોકલી આપે છે. એમ પરમાત્માએ આપણા કલ્યાણ માટે પરમ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજી અને પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનું અખંડ અદ્વૈતરૂપ સર્જ્યું છે.

આ ઈશ્વરનિર્મિત 'ગુરુતત્ત્વ'ને અંતરથી પ્રણામ કરવા જતાં સમજાય છે કે, 'જે તત્ત્વ વિશ્વચેતનાનું છે, એ જ તત્ત્વ આ વિભૂતિચેતનાનું છે. એ તત્ત્વ જ્યારે આપણામાં રણઝણી ઊઠશે ત્યારે આપણે એની સાથે એકરૂપ થઈ કૃતાર્થ થઈશું.'

એ ધન્ય ક્ષણ આવે ત્યારે ખરી !

———X———



# ॥ ગુરુ ॥

સામાન્ય રીતે 'આધ્યાત્મિક માર્ગદર્શન' આપનારને 'ગુરુ' કહેવામાં આવે છે. પરંતુ શ્રી રમણ કહે છે : 'સાચો ગુરુ એ છે કે જેણે આત્મસાક્ષાત્કાર કર્યો છે અને પોતાની શક્તિથી બીજાઓને સાક્ષાત્કારનું ધ્યેય પ્રાપ્ત કરવામાં સહાયતા કરી શકે છે.'

શ્રી રમણ વારંવાર કહેતા કે 'ઈશ્વર, ગુરુ અને આત્મા એક છે.' ગુરુ માનવદેહધારી ઈશ્વર છે તેમજ પ્રત્યેકના હૃદયમાં રહેલો આત્મા પણ છે.

'ગુરુની શક્તિ' બે રીતે કાર્ય કરે છે; બહાર રહીને ઉપદેશ આપે છે અને ભક્તના ચિત્તને આત્મામાં સ્થિર થવામાં મદદ કરે છે. અંદર રહીને એ શિષ્યના ચિત્તને ખેંચી, આત્મામાં સ્થિર કરી, આખરે નષ્ટ કરી દે છે.

આત્મનિષ્ઠા માટે પ્રયત્ન કરનારા બધા સાધકો માટે ગુરુ અનિવાર્ય છે. આધ્યાત્મિક વિકાસ માટે જીવનની દિશા બદલી નાખનાર ગુરુનો પ્રભાવ ઘણો મહત્ત્વનો છે. અલબત્ત, પૂરા મનોયોગથી પ્રયત્ન ન કરનાર સાધકોમાં ગુરુ આત્મજ્ઞાન ઉત્પન્ન કરી શકતા નથી. જો સાધક ગંભીરતાથી પ્રયત્ન કરે તો ગુરુની અનુગ્રહશક્તિ આપમેળે પ્રવાહિત થવા લાગે છે.

'ગુરુ' કે જે સત્, ચિત્ત અને આનંદનું મૂર્ત સ્વરૂપ છે તે, બહિર્મુખ બની ભૌતિક પદાર્થોમાં અટવાઈ, સુખદુઃખના ચક્રમાં ફસાયેલા શિષ્યને ઉગારે છે અને એને એના સાચા સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરે છે.

———X——— —અનુવાદ

# ॥ સત્સંગ ॥

પરંપરાગતરૂપે કોઈ આત્મનિષ્ઠ મહાત્માના સાન્નિધ્યમાં રહેવું એ 'સત્સંગ' કહેવાય છે. પરંતુ શ્રી રમણ કહે છે : 'સત્સંગમાં મુખ્ય વાત ગુરુ સાથે માનસિક સંબંધ સ્થાપિત કરવાની છે. ફક્ત ગુરુ પાસે બેસવાથી જ નહીં, ગમે તે દેશકાળમાં એમનું ચિંતન કરવાથી પણ સત્સંગ થઈ શકે છે.'

શ્રી રમણરચિત 'સદ્દર્શન'નાં પાંચ શ્લોકોમાં 'સત્સંગનો મહિમા' સરસ રીતે સ્પષ્ટ કરે છે :

૧. સત્સંગથી દુન્યવી પદાર્થોમાં અનાસક્તિ થાય છે. નિસ્સંગતાથી મોહનો નાશ થાય છે. નિર્મોહતાથી નિશ્ચલતત્ત્વમાં ચિત્ત સ્થિર થાય છે, મુક્તિ અનુભવાય છે.

૨. આત્મનિષ્ઠ મહાત્માના સત્સંગથી હૃદયમાં આત્મવિચાર ઉત્પન્ન થાય છે, જેનાથી શાન્ત, સહજ અવસ્થા પ્રાપ્ત થાય છે. પ્રવચન સાંભળવાથી, ધર્મગ્રંથોના અધ્યયનથી કે એમના અર્થના મનનથી, સત્કર્મથી કે બીજા કોઈ પણ સાધનથી જે પ્રાપ્ત થતી નથી.

૩. જો સત્સંગ મળી જાય તો નિયમો શા કામના ? જ્યારે દક્ષિણનો શીતળ પવન વાતો હોય ત્યારે હાથમાં પંખો રાખવાની શી જરૂર ?

૪. ચંદ્ર તાપનો, ગંગા પાપનો અને કલ્પતરુ દરિદ્રતાનો નાશ કરે છે. નિર્મળ હૃદયના મહાત્માના દર્શનથી એ ત્રણેનો નાશ થાય છે.

૫. જળમય તીર્થો અને પાષાણમય મૂર્તિઓની સમાનતા મહાત્માઓ સાથે ન થઈ શકે. અહો ! કેવું આશ્ચર્ય છે ? તીર્થો અને દેવો ઘણા વખત પછી લોકોના ચિત્તને શુદ્ધ કરે છે, જ્યારે સાધુપુરુષો દૃષ્ટિમાત્રથી તત્કાળ શુદ્ધ કરી દે છે.

**—સંકલન**

------X------



# ॥ મૌન ઉપદેશ ॥

મૌન ઉપદેશ સીધો અને વધુ શક્તિશાળી છે. એનાથી સાધકોને એક વિશેષ પ્રકારની શાંતિ તેમજ કલ્યાણપૂર્ણ નિર્ભયતાનો અનુભવ થાય છે.

જ્ઞાનોપદેશ મૌનથી જ આપી શકાય. સિદ્ધ પુરુષ આધ્યાત્મિક પ્રભાવના તરંગો પ્રસારે છે, જે ઘણા માણસોને એના તરફ ખેંચે છે. ભલે એ ગુફામાં મૌન બનીને બેઠો હોય, એનો પ્રભાવ અમોઘ હોય છે.

આપણે સત્ય પર પ્રવચન સાંભળીને વિષયને સમજ્યા વિના જ પાછા આવીએ છીએ, ભલે એ કંઈ ન કહે, આપણને સત્ય વિશે ઘણી વધારે સમજણ પ્રાપ્ત થાય છે.

એણે લોકો વચ્ચે જવાની જરાય જરૂર નથી. જરૂર જણાતાં એ બીજાઓને નિમિત્ત બનાવી શકે છે.

સદ્‌ગુરુ મૌન અવસ્થાના પ્રદાતા છે, જેમાં આત્મજ્ઞાનનો પ્રકાશ સત્યના રૂપમાં નિરંતર પ્રગટ થતો રહે છે. દૃષ્ટિથી દૃષ્ટિ મળે તો મૌખિક શબ્દવ્યવહાર તદ્દન બિનજરૂરી છે.

મૌન દીક્ષા પરિપૂર્ણ છે. એમાં જોવું, સ્પર્શવું, ઉપદેશ બધાંનો સમાવેશ થાય છે. એ શિષ્યને દરેક રીતે શુદ્ધ કરે છે, અને એને સત્યમાં પ્રતિષ્ઠિત કરે છે.

શાસ્ત્રો ગમે એટલાં વિશાળ અને શબ્દભારવાળાં હોય,

કાર્યસાધકતાની દૃષ્ટિએ એ સફળ નથી. ગુરુ મૌન રહે છે અને બધામાં શાંતિ આપોઆપ પ્રતિષ્ઠિત થાય છે. ગુરુનું મૌન નિશ્ચયાત્મક રૂપથી કાર્યસાધક છે. પણ કાર્ય અંદરથી થાય છે એટલે દેખાતું નથી.

મૌન નિત્યવાણી છે. એ વાણીનો અવિચ્છિન્ન પ્રવાહ છે, જે બોલવાથી રોકાઈ જાય છે. ધાતુના તારમાં વીજળીનો અવ્યક્ત પ્રવાહ વહે છે, એને અટકાવવામાં આવતાં એ બત્તીના રૂપમાં પ્રકાશ આપે છે. એ જ રીતે મૌન વાણીનો અવ્યક્ત પ્રવાહ છે, જે શબ્દોથી અટકી જાય છે.

જ્ઞાનીનો પ્રભાવ મૌનમાં ભક્ત હૃદયમાં પ્રવેશી, એને સાચી સત્તાનો અનુભવ કરાવવાની ક્ષમતા ધરાવે છે. ગુરુનું મૌન સર્વોચ્ચ ઉપદેશ છે અને અનુગ્રહનું શ્રેષ્ઠ સ્વરૂપ છે.

—અનુવાદ

——x——

અનંત વેદોનો અર્થ એટલો જ છે :
‘રામકૃષ્ણહરિ’ બોલો. એમાં જ વેદોનો સાર !
હૃદયમાં રમવાવાળાને ‘રામ’ કહો.
ચિત્તનું આકર્ષણ કરવાવાળાને ‘કૃષ્ણ’ કહો.
પ્રાણનું હરણ કરવાવાળાને ‘હરિ’ કહો.
-અર્થ સમજીને નહીં બોલો તો
‘રામ-કૃષ્ણ-હરિ’ વાણીની કસરત બની જશે.



# ॥ આદિગુરુ (દક્ષિણામૂર્તિ : મૌનસ્વરૂપ સ્વયં શિવ) ॥

દક્ષિણામૂર્તિ શિવ ‘આદિગુરુ’નું સ્વરૂપ છે. એના વિશે એક શ્લોક પ્રસિદ્ધ છે:

‘ચિત્રં વટતરોર મૂલે
વૃદ્ધા શિષ્યા ગુરુર્યુવા
ગુરાસ્તુ મૌનં વ્યાખ્યાનં
શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ’

‘વડના વૃક્ષ નીચે આ કેવું આશ્ચર્યકારક દશ્ય જોવા મળે છે કે શિષ્યો વૃદ્ધ છે અને ગુરુ યુવાન છે. ગુરુ મૌનથી વ્યાખ્યાન આપે છે અને શિષ્યોના સંશયો નાશ પામે છે.’

શ્રી રમણ મહર્ષિ શ્રી શંકરાચાર્યરચિત ‘દક્ષિણામૂર્તિ સ્તોત્ર’નું રહસ્ય સમજાવતાં કહે છે : ‘‘મૌન’ જ સાચો ઉપદેશ છે. એ જ સંપૂર્ણ ઉપદેશ છે. આ ઉપદેશ આગળ વધેલા સાધકો માટે જ છે. અનેક સાધકો આ દ્વારા પૂર્ણ પ્રેરણા પ્રાપ્ત કરવા સમર્થ નથી. આથી આવા સાધકોને સત્ય સમજાવવા માટે ‘શબ્દોની આવશ્યકતા’ રહે છે. પણ ‘સત્ય અનિર્વચનીય છે’ તેનું કથન સંભવ નથી. બહુ બહુ તો તેનો માત્ર નિર્દેશ કરી શકાય.’

‘તેથી શંકરાચાર્યે ‘દક્ષિણામૂર્તિ સ્તોત્ર’ની રચના કરી કે જેથી તેનો પાઠ કરીને લોકો સત્યને સમજી શકે.’

આ સ્તોત્રની પ્રસ્તાવનામાં શ્રી રમણ કહે છે:

‘વિશ્વના સર્જનહાર બ્રહ્માના ચાર માનસપુત્રો હતા. તેઓ પિતાના સૃષ્ટિ આગળ વધારવાના કાર્યમાં મદદ કરવા રાજી ન હતા અને શાંતિ ઈચ્છતા હતા. તેથી તેઓ શાંતિનો માર્ગ બતાવે એવાની શોધમાં નીકળ્યા.’

તેઓ દીક્ષા માટે સંપૂર્ણ પક્વ હતા. તેથી પરમ અનુગ્રહના મૂર્તસ્વરૂપ એવા શિવ સ્વયં એમની સમક્ષ (આત્મનિષ્ઠાના) મૌનમાં, ચિન્મુદ્રા ધારણ કરીને બેઠેલી અવસ્થામાં પ્રગટ થયા. ‘એમને જોઈને તેઓ લોઢું જેમ લોહચુંબકથી આકર્ષાય એમ એમની તરફ આકર્ષાયા. ને એમની હાજરીમાં એમની જેમ મૌન આત્મનિષ્ઠામાં રહ્યા.’

દક્ષિણામૂર્તિ ભગવાન જ્ઞાનનું પ્રતીક છે. જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા રાખનાર સાધકો માટે આરાધના કરવા માટેનું એક ઉત્તમ આલંબન છે.

આ અત્યંત પ્રાચીન સમયના ગુરુ દક્ષિણામૂર્તિ એવી શાખાઓ છોડી ગયા કે જે નિરંતર વધી રહી છે.

‘ગુરુ’ એ જ દક્ષિણામૂર્તિની શાખા છે.

શ્રી દયાનંદજી લખે છે તેમ;

‘દક્ષિણામૂર્તિ નિત્ય યુવાન છે કારણ કે આત્મા વયોવૃદ્ધ થતો નથી. એ નિત્ય યુવાન, નિત્ય પ્રફુલ્લ, નિત્ય પ્રસન્ન સહજ આનંદસ્વરૂપ છે. શિષ્યો પણ ગુરુ જેવા જ આનંદસ્વરૂપ છે. પણ જન્મ-મૃત્યુના ચક્રમાં વારંવાર આવર્તન પામ્યા કરતા શરીરને જ તેઓ આત્મા માની લે છે. તેથી તેઓની અજ્ઞાનમૂલક અવસ્થા દર્શાવવા જ ચિત્રમાં તેમને વૃદ્ધ બતાવવામાં આવ્યા છે.’

શ્રી રમણ મહર્ષિ દક્ષિણામૂર્તિના મૌનને સ્પષ્ટ કરતાં કહે છે: ‘જ્ઞાન આવી મૌન સમજણ છે. સામાન્ય રીતે આપવામાં આવતી શાબ્દિક સમજૂતીઓ જ્ઞાન નથી. કાર્યનું સૌથી સક્ષમ સ્વરૂપ મૌન છે.

શાસ્ત્રો ગમે તેટલાં વિશાળ અને ભારપૂર્વક રજૂઆત કરનારાં હોવા છતાં અસર ઊભી કરવામાં નિષ્ફળ જાય છે. ગુરુ શાંત છે અને બધામાં શાંતિ પ્રવર્તાવે છે.... ગુરુ સદા તમારી અંદર જ છે.’

—સંકલન

------x------



# ॥ દક્ષિણામૂર્તિની વાસ્તવિક કથની ॥

બ્રહ્માએ પોતાના ચાર માનસપુત્રો સનક, સનંદન, સનત્કુમાર અને સનત્સુજાતને સૃષ્ટિ આગળ ધપાવવાના કાર્યમાં મદદ કરવા કહ્યું હતું, પરંતુ તેઓને એ કાર્યમાં રુચિ ન હોવાથી તેઓ મદદ કરવા રાજી ન હતા. અને શાંતિ ઇચ્છતા હતા.

આ ચારેય પુત્રો એમ વિમાસતા બેઠા હતા કે, તેમને જ્ઞાનનો-સર્વોચ્ચ વિવેકનો રાહ કોણ દર્શાવશે ? ત્યાં નારદજી પધાર્યા, તેમણે કહ્યું; ‘બ્રહ્માજી સિવાય બ્રહ્મજ્ઞાન કે સર્વોચ્ચ વિવેકનો રાહ કોણ ચીંધી શકે ?’ ચારે જણા નારદજી સાથે સત્યલોકમાં બ્રહ્માજીના નિવાસસ્થાને ગયા અને જોયું તો સરસ્વતી વીણા બજાવી રહ્યાં હતાં અને બ્રહ્માજી સામે બેસીને તાલ મિલાવતા, પત્નીનું વીણાવાદન માણી રહ્યા હતા. આ દૃશ્ય જોઈ તેઓને એમ થયું કે જે વ્યક્તિ પોતાની પત્નીના સંગીતનું અભિવાદન કરવામાં ગુંથાયેલી છે તે અધ્યાત્મતત્ત્વ કેવી રીતે શીખવી શકે ?

પછી નારદજી તેઓને વૈકુંઠમાં શ્રીવિષ્ણુ ભગવાનના નિવાસસ્થાને લઈ ગયા. નારદજી અધિકારી હોવાથી સીધા જ અંદર વિષ્ણુ પાસે ગયા અને તેમને જોઇને પાછા બહાર આવ્યા અને કહ્યું : ‘બ્રહ્માજી તો વીણાવાદન કરી રહેલ પત્નીથી થોડા દૂર બેઠા હતા, પરંતુ અહીં તો દેવી લક્ષ્મીજી ભગવાન વિષ્ણુના પલંગ પર જ બેઠાં છે તથા તેઓની પગચંપી કરી રહ્યાં છે. આ તો વધારે ખરાબ કહેવાય !’ પત્નીના નેત્રકટાક્ષથી મંત્રમુગ્ધ થયેલા આ ગૃહસ્થ અધ્યાત્મવિદ્યા શિખવાડવામાં મદદરૂપ કઈ રીતે નીવડી શકે ?

છેવટે ભારે આશા અને અરમાન સાથે તેઓ હિમાલયમાં કૈલાસપર્વત પર શિવજી પાસે ગયા. ત્યાં જઈને જોયું તો શિવજી એમના ઘણાબધા સાથીદારો વચ્ચે તેમનાં પત્ની સાથે અર્ધ નર-નારી સ્વરૂપે દિવ્ય નૃત્ય કરી રહ્યા હતા ! તો શિવજી પણ પત્ની પાછળ જ છે !

તેઓએ દિઙ્મૂઢ થઈ વિચાર્યું : 'બ્રહ્માજી તો પત્નીનો સ્પર્શ કર્યા વિના પત્નીથી થોડે દૂર બેઠા હતા. ભગવાન વિષ્ણુ તેમની પત્નીના શરીરને અડીને બેઠા હતા, તેમની પત્ની તો તેમનાં ચરણોની ચંપી કરી રહ્યાં હતાં. પરંતુ શિવજીએ તો પાર્વતીજીને પોતાના શરીરનો હિસ્સો બનાવ્યો હતો ! આ ખૂબ ખરાબ કહેવાય ! બહુ થયું ! અને બધાં જ ત્યાંથી પાછા ફર્યાં.

આ કેવી ભ્રાંતિ ? પ્રત્યેક દેવતાની પ્રત્યેક પત્નીને પોતાના સ્વામીની સેવામાં લાગેલી જોઈને આ ભક્તોએ એમ માન્યું કે, આ ત્રણે દેવતાઓ આધ્યાત્મિક વિવેકથી વંચિત છે.

'ખરેખર, જેઓ સત્યના શોધક છે તેમને આધ્યાત્મિક જ્ઞાન બીજું કોણ પૂરું પાડશે ?' એમ વિચારી શિવજીએ પોતે તપ કરવા માંગે છે એવું બહાનું બતાવીને પાર્વતીજીને ત્યાંથી વિદાય કર્યાં.

આમ ઋજુ હૃદયના શિવજી નિરાશ ભક્તો ઘરની વાટ પકડી રહ્યા હતા ત્યારે તેઓના પાછા ફરવાના માર્ગ પર માનસરોવરની ઉત્તર બાજુ વટવૃક્ષ નીચે યુવાનરૂપે ચિન્મુદ્રા ધારણ કરીને દક્ષિણામૂર્તિ તરીકે બિરાજી ગયા.'

**—'શિવરહસ્ય' પર્વ : ૧૦, દ્વિતીય પ્રકરણ**

**શ્રી રમણ મહર્ષિ**

-------X-------



# ॥ આદિ શંકરાચાર્યનું પ્રેરક જીવન ॥

દક્ષિણ ભારતના કેરળ રાજ્યમાં કાલાડી ગામમાં નામ્બુદ્રી કુળમાં ઈ.સ.૭૮૮માં 'આદિ શંકરાચાર્ય' તરીકે પ્રસિદ્ધ શંકરનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યામ્બા હતું.

પાંચ વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવનાર આ બાળકને ઉપનયન સંસ્કાર આપીને ગુરુને ઘેર અભ્યાસ માટે મોકલવામાં આવ્યા હતા. આઠ વરસની વયે તો તેમણે વેદ-વેદાંતનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.

માતા પુત્રને સંન્યાસ દીક્ષા લેવા અનુમતિ આપતી ન હતી. પણ એક દિવસ નદીમાં નાહવા પડેલા શંકરનો પગ મગરે પકડ્યો. શંકરે માતાને હાક પાડી કહ્યું : 'આ મગરના મુખમાંથી હું બચવાનો નથી. અંત સમયે સંન્યાસ ધારણ કરવાનો વ્યવહાર છે માટે તું મને સંન્યાસદીક્ષાની અનુમતિ આપ.' અશ્રુપાત કરતી માતાએ રજા આપતાં જ મગરે શંકરનો પગ છોડી દીધો ! શંકરના મહાભિનિષ્ક્રમણ સમયે માતાએ પુત્ર પાસેથી વચન માગ્યું : 'મારા મૃત્યુ પછી મારી અંત્યેષ્ટિ ક્રિયા તારે જ કરવી.'

પહાડો-પર્વતો ઓળંગીને, વન-જંગલ પાર કરીને, નદીનાળાં તરીને આ આઠ વરસનો બાળક નર્મદા નદીને કિનારે એક ગુફા આગળ આવીને ઊભો છે. ગુફામાં બિરાજમાન મહાયોગી સાદ દે છે : 'કોણ આવ્યું છે ?' બાળક ઉત્તર આપે છે : 'આપનું પ્રતિબિંબ આવ્યું છે.' યોગીએ પ્રતિપ્રશ્ન કર્યો : 'પ્રતિબિંબ અહીં શા માટે આવ્યું છે ?' બાળકે કહ્યું : 'અસલનાં દર્શન માટે.' આ સાંભળતાં જ મહાયોગી ત્વરિત ઊભા થઈ ગુફા બહાર આવ્યા તથા બાળકને

દંડવત્ પ્રણામ કર્યા. બાળકે કહ્યું : 'ભગવન્ હું આપનો શિષ્ય થવા આવ્યો છું.' મહાયોગીએ કહ્યું : 'અરે ! આ તો સ્વતઃ જ્ઞાની છે, આને હું શું શીખવવાનો !' તેમણે બાળકને સંન્યાસદીક્ષા આપી શિષ્ય તરીકે સ્વીકાર્યો તો ખરો પણ કહ્યું : 'તું માત્ર શીખવા જ નહીં, મને પણ કંઈક શીખવવા આવ્યો છે.'-આ શિષ્ય હતા આચાર્ય શંકર અને ગુરુ હતા ગોવિંદ ભગવદ્પાદ.

આ આચાર્ય શંકરને એમની દિવ્યદૃષ્ટિથી ખબર પડી કે, માતા મૃત્યુશય્યા પર છે. તેઓ મા પાસે પહોંચ્યા. મા કહે : 'સગુણ-નિર્ગુણ હું કાંઈ ન સમજું, મારો મોક્ષ થાય એમ કર.' શંકરે 'કૃષ્ણાષ્ટકમ્' સ્તોત્રગાનથી માતાને જન્મમરણના ચક્રમાંથી મુક્ત કરાવ્યાં.

એક સંન્યાસી માતાના દેહને અગ્નિસંસ્કાર ન કરી શકે એવી એ સમયની રૂઢિ હોવાથી કોઈએ તેમને માની અંત્યેષ્ટિવિધિમાં સાથ-સહકાર ન આપ્યો. શંકરે ઘર આગળ જ પોતાની યોગશક્તિથી અગ્નિ પેટાવી માતાને અગ્નિદાહ દીધો.

એક દિવસ શંકરાચાર્ય શિષ્યો સાથે ગંગાસ્નાન કરવા જઈ રહ્યા હતા. ત્યારે એક ચંડાલ ચાર કૂતરાઓને લઈને સામેથી આવી રહ્યો હતો. શંકરાચાર્યે ચંડાલને સંબોધીને કહ્યું : 'કૂતરાઓ સાથે તમે એક બાજુ થઈ જાઓ અમને નીકળી જવા દો.' ઉચ્છૃંખલ ચંડાલે સાંભળ્યું ન સાંભળ્યું કરતાં, આચાર્ય ઉત્તેજિત થઈ બોલ્યા : 'અરે, ઊભા રહો, તમારા કૂતરાઓને રોકો, અમારો માર્ગ છોડી દો.'

ત્યારે ચંડાલે અટ્ટહાસ્ય સાથે સંસ્કૃત ભાષામાં કહ્યું : 'તમે કોને હટી જવાનું કહો છો ? આત્માને કે દેહને ? આત્મા તો સર્વવ્યાપી, નિષ્ક્રિય અને સતત શુદ્ધ છે...ને દેહ તો જડ છે, એ કેવી રીતે ખસી શકે ?...તમે 'એકમેવાદ્વિતીયમ્' આ બ્રહ્મતત્ત્વમાં પ્રતિષ્ઠિત



હોવાનું મિથ્યા અભિમાન કરો છો. શું તત્ત્વદૃષ્ટિથી બ્રાહ્મણ અને ચંડાલમાં કોઈ ભેદ ખરો ? ગંગાજળમાં પ્રતિબિંબિત, સૂર્ય અને સુરામાં પ્રતિબિંબિત સૂર્યમાં શું કોઈ ભેદ છે ?'

ચંડાલનાં આ જ્ઞાનગર્ભ વચનો સાંભળીને શંકરાચાર્ય સ્તબ્ધ અને લજ્જિત થઈ ગયા. એમને આમાં દેવલીલા કળાતાં તરત જ બે હાથ જોડી સ્તુતિ શરૂ કરી. 'જે સર્વ ભૂતો પ્રતિ સમજ્ઞાની છે-તદ્નુરૂપ જેનો વ્યવહાર એ જ મારા ગુરુ છે. એમના ચરણોમાં હું કોટિ કોટિ પ્રણામ કરું છું.'

ત્યાં જ કૂતરા અને ચંડાલ અંતર્ધાન થઈ ગયા. શંકરાચાર્યે જોયું કે, દિવ્ય પુરુષ મહાદેવ ચારે વેદ હાથમાં લઈને સન્મુખ બિરાજમાન છે. શંકરાચાર્યે ભક્તિગદ્ગદ્ ચિત્તથી એમનાં શ્રીચરણોમાં પ્રણામ કરીને સ્તુતિ ગાઈ. એ સ્તુતિથી સંતુષ્ટ થઈ શ્રી મહેશ્વરે શંકરાચાર્યના મસ્તક પર હાથ રાખીને કહ્યું : 'વત્સ, હું તમારા દ્વારા વૈદિક ધર્મની પુનઃ પ્રતિષ્ઠા થાય એમ ઇચ્છું છું. તમે વેદાંતની નિર્દોષ વ્યાખ્યા દ્વારા ભ્રમસંકુલ મતવાદોનું ખંડન કરીને, વ્યાસકૃત બ્રહ્મસૂત્ર પર ભાષ્યોની રચના કરો તથા વેદાંતનું મુખ્ય તાત્પર્ય બ્રહ્મજ્ઞાન છે એની પ્રતિષ્ઠા કરીને વૈદિક ધર્મનો સર્વસાધારણ (જનો)માં પ્રચાર કરો. તમારું કાર્ય પૂર્ણ થતાં તમે મારામાં મળી જશો. જગતના સર્વવિધ કલ્યાણ માટે જ તમે મારા અંશમાંથી જન્મ ગ્રહણ કર્યો છે.'

એક દિવસ શંકરાચાર્ય કાશીની કોઈ શેરીમાંથી જતા હતા. ત્યાં એમણે એક પંડિતને મોટેથી વ્યાકરણના નિયમોનો મુખપાઠ કરતો સાંભળ્યો. એને સંબોધીને તેમણે કહ્યું : 'અલ્યા, વ્યાકરણ પાછળ શું કરવા સમય બગાડે છે ? અંતકાળે આ વ્યાકરણ તને બચાવી શકશે નહીં !'-આ પ્રસંગ પર આધારિત આચાર્યશંકરે 'ચર્પટપંજરિકા' સ્તોત્ર રચ્યું જે 'ભજગોવિંદમ્' સ્તોત્રથી જાણીતું થયું. જેમાં

અધ્યાત્મબોધ છે : 'શરીર ગળી ગયું, માથાના વાળ સફેદ થઈ ગયા, મોઢું બોખું થઈ ગયું અને વૃદ્ધ લાકડીના સહારે ચાલવા લાગ્યા છે, તોયે એ આશાના પિંડને છોડતો નથી...હે મૂઢ! તું ગોવિંદને ભજ. ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.'

એક કાપાલિક એક અબળાને દેવીની મૂર્તિ સમક્ષ બલિ ચઢાવવાની તૈયારી કરતો હતો તેને શ્રી શંકરાચાર્યે સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તે એકનો બે ન થયો. તો તેમણે દેવમૂર્તિને ઉપાડી, જમીન પર પછાડી, મૂર્તિના ટુકડેટુકડા કરી નાંખ્યા. ને કાપાલિકને ત્રાડ પાડીને કહ્યું : 'શું સમજે છે તું દેવીને ? દેવી જગતજનની કહેવાય. મા કંઈ લોહી તરસી ન હોય. તે ન માગે વધ, ન માગે આહુતિ. છતાં તને સમજાતું ન હોય તો હે મૂર્ખ ! કહે તારી લોહી તરસી દેવીને, મારું લોહી પીએ.' એવું સાંભળતાની સાથે જ પેલો કાપાલિક શસ્ત્ર છોડી, પળવારમાં પલાયન થઈ ગયો.

શૃંગેરી ગામના આશ્રમમાં શંકરાચાર્યના ઘણા શિષ્યો શાસ્ત્રચર્ચા, જ્ઞાનચર્ચા, મંત્રજાપ, ધ્યાન વગેરેમાં રમમાણ રહેતા હતા. જ્યારે શાસ્ત્ર-અધ્યયન પરત્વે ઉદાસીન શિષ્ય ગિરિ ગુરુસેવામાં જ ગુંથાઈ રહેતો. એટલે એના પ્રત્યે અન્ય શિષ્યો કાંઈક તિરસ્કારભાવથી જોતા હતા.

એક દિવસ ગિરિ આચાર્યશ્રીનાં કપડાં ધોવા નદીએ ગયો. વેદાંત-અધ્યયનો સમય થયા છતાં આવ્યો નહીં. આચાર્યે તેને માટે રાહ જોવાનું કહેતાં; શિષ્ય પદ્મપાદે કહ્યું; 'એ મંદબુદ્ધિનો ગિરિ આ વેદાંત જેવા સૂક્ષ્મ વિષયો શું સમજે ?' પદ્મપાદનો આ ગર્વ ઉતારવા અને ગુરુસેવાનો પ્રભાવ બતાવવા આચાર્યશ્રીએ ગિરિમાં પોતાની શક્તિનો સંચાર કર્યો. આથી ગિરિને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ સહજમાં થઈ. અને એ આનંદમાં બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતો,



સુંદર તોટક બોલતો બોલતો આવ્યો. આ જોઈને પદ્મપાદ તથા અન્ય શિષ્યોનું અભિમાન ઓગળી ગયું. ગિરિની ગણના આચાર્યના મુખ્ય શિષ્યોમાં થઈ, તેનું નામ તોટકાચાર્ય પડ્યું.

શ્રી કૃષ્ણપ્રેમે દિલીપકુમાર રોયને 'આદિ શંકરાચાર્ય'નું ઉદાહરણ આપી સમજાવ્યું હતું : 'સંતનાં વચનોને તેમના પૂર્વાપર સંબંધ જોયા વિના લેવાં નહીં જોઈએ.' શંકરાચાર્ય એક ભાવાવસ્થામાં માતા ભવાનીને પ્રાર્થના કરે છે : 'મા ! હું સાવ ગુણહીન છું. તું મને તારી પાંખમાં લે. મને આશરો આપ. તારા વિના મારું ક્યાંય ઠામ-ઠેકાણું નથી.'

'ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્વમેકા ભવાનિ'

એવી જ રીતે એક ભાવાવસ્થામાં તેઓ ગુરુનો ઈન્કાર કરે છે અને બીજી ભાવાવસ્થામાં ગુરુશક્તિનો મહિમા ગાતાં કહે છે : 'ગુરુના ચરણકમળમાં મન ન લાગ્યું તો જીવતર ધૂળ છે.'

શ્રી શંકરાચાર્યે બ્રહ્મસૂત્રો, મુખ્ય ઉપનિષદો, ગીતા અને વિષ્ણુસહસ્રનામ પર ભાષ્યો લખ્યાં છે. મૌલિક કૃતિઓમાં અપરોક્ષાનુભૂતિ, વિવેકચૂડામણિ છે. તે સિવાય કેટલાંક ચિંતન-વિચાર-સાધના વિષયક સ્તોત્રો છે જ્યારે કેટલાંક ભક્તિસભર સ્તોત્રો છે.

જીવનના અંતિમ દિવસો શંકરાચાર્યે કાંચીમાં વિતાવ્યા ને કેદારનાથમાં ઈ.સ.૮૨૦માં તેમણે દેહત્યાગ કર્યો. તેમણે છેલ્લે શિષ્યોને કહેલું : 'જે બ્રહ્માત્મવિજ્ઞાનનો મેં ઉપદેશ આપ્યો છે, એ ગુરુપરંપરા પ્રાપ્ત છે. તમે લોકો બ્રહ્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહો.'

**—સંકલન**

——x——

# ॥ ગુરુવિભાવના ॥

પ્રશ્ન : તમે પહેલાં એકવાર લખેલું કે અંતરની ઉત્કટ ઈચ્છા હોય તો ગુરુ ચોક્કસ મળે છે પરંતુ માણસને કેટલાય સંત મહાત્માઓ મળે, તેમની સાથે વાર્તાલાપ થાય, તે કાંઈ શીખવે તે પ્રમાણે માણસ કરે પણ, તો તે મહાત્મા તેના ગુરુ ખરા કે નહીં ?

ઉત્તર : જેની પાસેથી આપણને કાંઈક શીખવા સમજવાનું મળે છે અથવા તો જેના બતાવેલા સાધન-માર્ગને નજર સમક્ષ રાખીને આપણે આગળ વધતા રહીએ છીએ તેને ગુરુ માનવામાં કશી જ હરકત નથી. ગુરુ તરીકેની શ્રદ્ધાભક્તિ આપણે તેનામાં ધારણ કરી શકીએ છીએ. ગુરુ આપણને વાસ્તવમાં અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પરમ પ્રકાશમાં લઈ જાય છે તથા અશાંતિમાંથી જ્ઞાનના પરમ પ્રકાશમાં લઈ જાય છે તથા અશાંતિમાંથી શાંતિમાં, બંધનમાંથી મુક્તિમાં, અને આત્માનુભવથી રહિત દશામાંથી આત્માનુભૂતિની અસાધારણ અવસ્થામાં પ્રવેશ કરાવે છે. એ કામમાં મદદરૂપ થાય તેને ગુરુ જરૂર કહી શકાય.

પ્રશ્ન : માણસ પોતાના ગુરુને જ્યારે પહેલીવાર મળે ત્યારે એને કેમ ખબર પડે કે આજ મારા ગુરુ ? એમના પ્રત્યે કોઈ અનન્ય ભાવ કે આકર્ષણ થાય છે ?

ઉત્તર : કોઈવાર આકર્ષણ થાય છે તો કોઈવાર નથી પણ થતું. કોઈવાર એવા મહાપુરુષની સંનિધિમાં પ્રથમ મુલાકાતે જ ઊંડી શાંતિ મળે છે, તો કોઇવાર નથી પણ મળતી. એ બાબત



કોઈ એકસરખો સર્વસામાન્ય નિયમ નથી કરી શકાતો. મારી સમજ પ્રમાણે ગુરુની પસંદગીમાં ઉતાવળ ન કરવી જોઈએ. ગુરુના સંસર્ગમાં અવારનવાર આવવું જોઈએ. એમના જીવનનું કે જીવનનાં જુદાં જુદાં પાસાંઓનું બારીકાઈથી વિવેકપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ. અને પછી જ આપણો અંતરાત્મા જો કબૂલ કરે તો તેમને ગુરુ તરીકે સ્વીકારવો જોઈએ. ગુરુ ને શિષ્યનો સંબંધ સમસ્ત જીવન પર અસર પહોંચાડનારો હોવાથી, તેની સ્થાપના કોઈપણ પ્રકારની લાગણી, ભાવના કે ધૂનથી દોરવાઈ ગયા વિના, પૂરતા વિચારપૂર્વક તથા શાંતિથી કરવી જોઈએ.

પ્રશ્ન : અમુક એક માર્ગમાં શું ગુરુ એક જ થઈ શકે ? વધારે ન થઈ શકે ?

ઉત્તર : મુખ્ય આધ્યાત્મિક ગુરુ તો એક જ હોઈ શકે, અને એક હોય તે જ સારુ છે, પરંતુ જેમની પાસેથી જીવન વિકાસની બીજી મદદ મળતી રહે તેવા પેટા ગુરુ બીજા કેટલાક હોઈ શકે ખરા.

પ્રશ્ન : ગુરુની આવશ્યકતા ખરી કે નહીં ?

ઉત્તર : તે તમારે નક્કી કરવાનું છે. જ્યાં સુધી તમે અપૂર્ણ છો અને પોતાની મેળે આગળ નથી વધી શકતા, ત્યાં સુધી તમારે કોઈ ને કોઈ પથપ્રદર્શક જોઈશે જ તે જ ગુરુ છે.

પ્રશ્ન : ગુરુને ઈશ્વરરૂપે કહેવામાં આવે છે તે સાચું છે ?

ઉત્તર : તાત્ત્વિક રીતે સાચું છે. કારણ કે ઈશ્વરનો પ્રકાશ ગુરુમાં વિશેષ પ્રમાણમાં પથરાયેલો હોય છે. ગુરુ ઈશ્વરના

પ્રતિનિધિ છે. જો ગુરુએ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હશે તો તે ઈશ્વર સાથે એકરૂપ બની ગયા હશે. અને જો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરતા હશે તો પણ, તે બીજા કરતાં ઈશ્વરની વધારે નજીક તો હશે જ. ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે તે ઈશ્વરદર્શી ગુરુને માટે જ કહેવામાં આવે છે તે ખાસ યાદ રાખવાનું છે-જેવા તેવા ભળતા ગુરુને માટે નહીં.

પ્રશ્ન : ગુરુની પસંદગી કરતી વખતે કયી કયી વાતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

ઉત્તર : ગુરુની પસંદગી માટે ઉતાવળ કરવાની જરૂર નથી. ગુરુના જીવનને કે વ્યવહારને શાંતિથી જોવાની જરૂર છે, જેથી કોઈ ભળતા માણસના હાથમાં પડીને જીવનને બરબાદ કરી બેસાય. ગુરુના વિચારો તમને ગમે છે કે નહીં તે ખાસ જોજો. તેને સાધનામાં રસ છે કે નહીં, અને તે સાધનાત્મક અનુભવ ધરાવે છે કે નહીં તે પણ જોજો. તેનો સ્વભાવ તમને પસંદ પડે છે કે નહીં તે પણ વિચારજો. તે બને ત્યાં સુધી વ્યસની ન હોય, લૌકિક લિપ્સાથી યુક્ત ન હોય, તેમ જ પરમાત્માના પ્રેમ અથવા આત્મજ્ઞાનથી વંચિત ન હોય તે ખાસ જોજો. વારંવારના પરિચય પછી જો તમને તે તમારે માટે યોગ્ય અથવા આદર્શ લાગે તો તેનો ગુરુરૂપે સ્વીકાર કરજો. અને એક વાર સ્વીકાર કર્યા પછી બધા જ સંજોગોમાં દૃઢ વિશ્વાસપૂર્વક વળગી રહેજો. તમારુ હૃદય જેને એકવાર સમજપૂર્વક માન્ય કરે, તેને ચંચલ બનીને નજીવા કારણોસર છોડી ન દેતા અને નિંદવા પણ ન માંડતા. કદાપિ નહીં.

—શ્રી યોગેશ્વરજી

------x------



# ॥ સદ્‌ગુરુ વિશે ॥

પ્રશ્ન : મારે આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે કોઈ ગુરુની આવશ્યકતા ખરી ?

ઉત્તર : આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે તમારે કોઈ ગુરુની આવશ્યકતા છે કે નથી તેનો નિર્ણય મારે નહીં પણ તમારે જ કરવાનો છે; એ નિર્ણય કરવામાં હું મારી રીતે મદદરૂપ થઈ શકું, પરંતુ છેવટના નિર્ણય તમારે જ કરવાના છે. કોઈ કોઈને માટે એ સંબંધે અંતિમ નિર્ણય ના કરી શકે. કરે તો પણ દીર્ઘ સમયપર્યંત કે છેવટ સુધી ચાલે નહીં.

પ્રશ્ન : ગુરુ વિના આધ્યાત્મિક ઉન્નતિના મંગલ માર્ગે આગળ વધી જ ના શકાય એ સાચું છે ?

ઉત્તર : મને પોતાને એવું નથી લાગતું.

પ્રશ્ન : કેમ ?

ઉત્તર : આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે ગુરુ અનિવાર્યરૂપે આવશ્યક નથી. અને હોય તો પણ જીવન વિકાસના એવા કેટલાય નિયમો, તપો તથા વ્રતો છે જેમનું પરિપાલન અથવા અનુષ્ઠાન ગુરુની રાહ જોયા સિવાય પોતાની મેળે જ કરી શકાય.

પ્રશ્ન : દાખલા તરીકે ?

ઉત્તર : દાખલા તરીકે રોજ રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પરમાત્માની પ્રાર્થના કરવા માટે અને સ્નાનાદિથી નિવૃત્ત થઈને સદ્‌ગ્રંથોના સ્વાધ્યાયનો ને નામજપ સાથેના કે નામજપ

સિવાયના ધ્યાનનો આધાર લેવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે જ એવું થોડું છે? પોતાના જીવનનું આત્મનિરીક્ષણ કરવા, પોતાની ત્રુટીઓને તપાસવા તથા તેમનામાંથી મુક્તિ મેળવવા માટે ગુરુની પ્રતીક્ષા કરીને અનિશ્ચિત કાળપર્યંત બેસી રહેવું પરવડે તેમ છે? વ્યસનોના શિકાર ના બનવું હોય ને વ્યસનોમાંથી મુક્તિ મેળવવી હોય તો ગુરુની ઉપસ્થિતિ અનિવાર્ય છે? રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના કરવી હોય ને વીતેલા વખતનું નિરીક્ષણ કરીને નૂતન સંકલ્પો કરવા હોય તો ગુરુ સિવાય કરી શકાય જ નહીં? એ સૌને માટે ગુરુની પ્રતીક્ષા કરીને બેસી રહેવું જોઈએ? જીવનવિકાસને માટેની એવી બધી ને બીજી ઉપયોગી વાતોનો અમલ પોતાની મેળે પણ કરી શકાય છે. જ્યારે કોઈક બહારના સ્થૂળ માનવ ગુરુની આવશ્યકતા હશે ત્યારે આપણી યોગ્યતાનો કે પાત્રતાનો વિચાર કરીને ઈશ્વર જ એમને મોકલી આપશે.

પ્રશ્ન : એવા સદ્‌ગુરુની પ્રાપ્તિ વ્યવહારમાં રહીને કરી શકાય?

ઉત્તર : શા માટે ના કરી શકાય? સદ્‌ગુરુની પ્રાપ્તિના પવિત્ર કાર્યમાં વ્યવહાર વચ્ચે આવતો નથી કે બાધક બનતો નથી. સદ્‌ગુરુની સંપ્રાપ્તિ માટે જેનું મુખ્ય મહત્ત્વ હોય છે તે તો માનવનું મન છે. મનમાં એમને મેળવવા માટેના મનોરથ જાગતાં અને આતુરતા વધતાં જ્યાં પણ હોઈએ ત્યાં એમનાં દર્શન, સમાગમ, અનુગ્રહનો દેવદુર્લભ લાભ મળી રહે છે.

પ્રશ્ન : સદ્‌ગુરુની સેવા કેવી રીતે કરવી?

ઉત્તર : એમની આવશ્યકતા અથવા અભિરુચિને



અનુસરીને. એ સેવાનાં સ્વરૂપો જુદાં જુદાં હોઈ શકે, છતાં પણ એમની મહત્ત્વની સેવા એમના પ્રદર્શાવેલા પ્રગતિપંથ પર પ્રયાણ કરવામાં અને જીવનનું આધ્યાત્મિક કલ્યાણ કરવામાં રહેલી છે. એમની સેવા પરમ અને અચળ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને, સર્વ પ્રકારની શંકા-કુશંકામાંથી કાયમ માટે મુક્તિ મેળવીને કરવી જોઈએ. એમનામાં દોષદર્શન કરનાર કદી પણ એમની સાચી સેવા નથી કરી શકતો અને એમનો પૂરેપૂરો લાભ પણ નથી પામી શકતો. દોષદર્શન કરવું જ હોય તો પોતાનું દોષદર્શન જીવનવિકાસના સાધકને માટે ખૂબ ખૂબ મદદરૂપ બની શકે. અન્યના અને એમાંય સદ્‌ગુરુના દોષદર્શનથી કોઈ ઉપયોગી હેતુ નહીં સરે. સદ્‌ગુરુને સાચી રીતે એમના વાસ્તવિક સ્વરૂપમાં ઓળખવાનું કામ અતિશય અઘરું છે. એને માટે એમની અહૈતુકી અનંતકૃપા જોઈએ. એમને ઓળખવાની યોગ્યતા સિવાય એમને માટે ગેરસમજ થવાનો અને અનુચિત ભળતા અભિપ્રાયો આપવા-અપાવવાનો સંભવ રહે છે.

પ્રશ્ન : આપણે કોઈને અંતરના ઊંડાણમાંથી ગુરુ માનતા હોઈએ પણ ગુરુદેવ આપણો સ્વીકાર ના કરતા હોય તો?

ઉત્તર : તો શું થયું? એથી કોઈ પ્રકારની ચિંતા નથી કરવાની. ગુરુદેવ આપણો સ્વીકાર કરે છે કે નથી કરતા એ એટલું અગત્યનું નથી. સૌથી અગત્યની વાત તો આપણે પોતે ગુરુદેવનો સ્વીકાર કરીએ છીએ કે નહીં તે છે. ગુરુ કોઈ દૃષ્ટ અથવા અદૃષ્ટ કારણે આપણો સ્વીકાર કરે કે ના કરે તો પણ આપણે એમનો સ્વીકાર કરીએ એટલે થયું. આપણું કાર્ય પૂરું થાય છે. આપણને સદ્‌ગુરુમાં સાચી શ્રદ્ધા હોય એટલે આપણો

અંતરંગ વિકાસ સહેલાઈથી થવા લાગે છે. ગુરુ એક અથવા બીજી રીતે આપણને મદદરૂપ થાય છે. ગુરુ તૈયાર નથી હોતા તો પણ પરમાત્માની પરમ પ્રબળ સનાતની શક્તિ એમના માધ્યમ દ્વારા કે અન્ય રીતે આપણી આકાંક્ષાને સંતોષીને આપણને આગળ વધારે છે. ગુરુ દ્રોણાચાર્યે એકલવ્યનો શિષ્ય તરીકે સ્વીકાર ના કર્યો પરંતુ એકલવ્યે એમને સદ્‌ગુરુ તરીકે સ્વીકારી લીધા એમની માટીની મૂર્તિ બનાવીને શ્રદ્ધાભક્તિપૂર્વકના પ્રયોગો પ્રારંભ્યા. તો પરિણામે એ પરમ ધનુર્વિદ, અસ્ત્રશસ્ત્રવિશારદ બની ગયો. સંતકબીરે રામાનંદની અનિચ્છા હોવા છતાં એમનામાં ગુરુભાવ રાખ્યો. અખાએ કાશીના પ્રજ્ઞાચક્ષુ સ્વામીને સાચા દિલથી સદ્‌ગુરુ તરીકે, પોતાને અપનાવવામાં ના આવવા છતાં પણ સ્વીકારી લીધા. તો એનું પરીણામ કેટલું બધું આશ્ચર્યકારક અને ચમત્કારિક આવ્યું ! એવી રીતે આપણે પણ સદ્‌ગુરુ પ્રત્યેની શ્રદ્ધાથી પ્રેરાઈને અસાધારણ પ્રગતિ કરી શકીએ. શરત એ જ છે કે આપણે સદ્‌ગુરુને સંપૂર્ણપણે સ્વીકારી લેવા જોઈએ. એના સિવાય બીજું કશું જ ના બની શકે.

પ્રશ્ન : તમે કોઈના ગુરુ બનો ખરા ?

ઉત્તર : મારે કોઈના ગુરુ બનવાનું રહેતું જ નથી. જેને બનવું હોય તેણે શિષ્ય બનવાનું જ રહે છે. આગળનું કાર્ય આપોઆપ થઈ રહે છે. કોઈ કોઈનો સાચો શિષ્ય બની શકે તો એનો બેડો પાર થઈ જાય. સવાલ કોઈએ ગુરુ થવાનો નથી સ્વયં શિષ્ય બનવાનો છે.

**—શ્રી યોગેશ્વરજી**

———x———



# ॥ ગુરુકૃપા ॥

પ્રશ્ન : ગુરુકૃપા શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય ? શું ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુમય બની જઈને ગુરુની ખૂબખૂબ સેવા કરવી જોઈએ એ શું સાચું છે ?

ઉત્તર : ગુરુકૃપા ખરેખર શું છે એ તો જે એનો અનુભવ કરે તેને જ ખબર પડી શકે. છતાં પણ, કહેવાને ખાતર એટલું જરૂર કહી શકાય કે ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોના અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેથી મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલાં ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપાદ્વારા જે ધન, વૈભવ, પદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઈચ્છા રાખે છે તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા ગુરુની કૃપા કેવલ સાંસારિક સુખસમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કાર મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે, એ નથી ભૂલવાનું.

તમારા બીજા પેટા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઈએ એ તો સાચું

જ છે, પરંતુ એની સાથેસાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર આપવું જોઈએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રમાણિકતા સાથે ઉત્સાહ ને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમકે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઈ વિશેષ હેતુ નથી સરતો. ગુરુએ બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઈને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને અધ્યાત્મમંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે.

**—શ્રી યોગેશ્વરજી**

-------x-------

જ્ઞાનેશ્વરે નિવૃત્તિનાથને કહ્યું કે, 'મેં ૧૮ અધ્યાય સુધી 'જ્ઞાનેશ્વરી' લખીને, ગુરુમહારાજે આ કર્યું, આ આપ્યું, એમણે કૃપા કરી'-આ બધું કહ્યું તો છે. પરંતુ ના તમે કંઈ આપ્યું છે, ના મેં કંઈ લીધું છે. જે હતું તે તમે દેખાડ્યું છે, અંગુલિનિર્દેશ કર્યો છે, સંકેત કર્યો છે. તમે દેખાડ્યું એટલે જોયું નહીં તો કદાચ દેખાત નહીં.' બસ આટલો જ અનુગ્રહનો સંબંધ છે.

★ ★ ★ ★ ★ ★

'પહેલાંના જમાનામાં શિષ્ય જ્યારે ગુરુકુળમાંથી વિદાય લે ત્યારે સંદેશ એ રહેતો કે, 'તને મારામાં જે સાચું લાગ્યું હોય તે લઈ જજે. જે બરાબર ન લાગ્યું હોય તે અહીં જ મૂકી જજે.' ત્યારે એવું નહોતું કે, શિષ્ય પોતાની જાતને અર્પણ કરી દે અને ગુરુ એનો તારણહાર બને !'



# ॥ ગુરુની આવશ્યકતા છે કે નહીં ॥

ગુરુની આવશ્યકતા છે કે નથી એ પ્રશ્ન કોઈ કોઈ સાધકને સતાવ્યા કરે છે. કોઈ કોઈ સાધક તરફથી એ પ્રશ્ન પૂછાય છે પણ ખરો. આમ તો એ પ્રશ્નમાં ના સમજાય એવું અટપટું કશું જ નથી, અને એ પ્રશ્ન એમને એટલો બધો ના સતાવત, પરંતુ એમને માટે એ સમસ્યા એટલા માટે ઊભી થઈ છે કે એમના પોતાના વિચારો સ્થિર નથી, અને કેટલાંક નામાંકિત, પ્રમાણભૂત તેમજ વિશ્વસનીય પુરુષો તરફથી એવા વિચારો વહેતા કરવામાં આવે છે કે ગુરુની આવશ્યકતા બિલકુલ નથી. ગુરુ આપણો ઉદ્ધાર કરી શકે તેમ નથી. માટે ગુરુ કરવાનો કે કોઈને ગુરુરૂપે માનવાનો કોઈ અર્થ નથી. પરમ સત્યનો પાવન પ્રકાશ માણસની અંદર છે, અને એને આખરે તો તે પોતાની અંદરથી જ પ્રાપ્ત થવાનો છે, એ પ્રકાશનું પ્રાગટ્ય કોઈ બીજું નથી કરાવી શકવાનું. માટે બાહ્ય ગુરુની ઇચ્છા રાખવી નકામી છે. માણસે પોતે જ પોતાના ગુરુ થવાનું છે.

એવા વિચારોના શ્રવણમનન તથા વાચનના પરિણામે એમના મનમાં હલચલ પેદા થાય છે ને ખળભળાટ મચે છે. એમની માન્યતા ને શ્રદ્ધાના પાયા હાલવા માંડે છે. ગુરુ માટેની ઊંડી ભાવના કે લાગણી એમના દિલમાંથી મટતી નથી અને સાથે સાથે નામાંકિત તથા પ્રમાણભૂત કહેવાતા પેલા માન્ય ઉપદેશકોના ઉપદેશ પણ એમને ગળે જોઈએ એટલા પ્રમાણમાં નથી ઉતરતા, એટલે એમની દશા ત્રિશંકુ જેવી થઈ જાય છે.

નથી એ ગુરુનો કે ગુરુ કરવાની ભાવનાનો ત્યાગ કરી શકતા કે નથી ગુરુમાં જેવી જોઈએ તેવી શ્રદ્ધા જાગૃત કરી શકતા. હિંચકાની પેઠે એમની ચિત્તવૃત્તિ ચંચળ બનીને આમતેમ ઝુલ્યા કરે છે ને સ્થિરતાને ધારણ નથી કરી શકતી. એવા માણસો શંકાશીલ બને, ભ્રાંતચિત્ત થાય, કિંકર્તવ્યવિમૂઢ બને અને કોઈ વાર અવસર આવતાં પોતાના આત્મસંતોષને માટે ગુરુની આવશ્યકતા છે કે નથી એવો પ્રશ્ન પૂછે અને પ્રશ્નના ઉત્તરની આશા રાખે એ તદ્દન સ્વાભાવિક છે.

આપણે ત્યાં પ્રગતિવાદ અથવા તો આધુનિકતાને નામે હમણાં હમણાં જે નવો પવન વાવા માંડ્યો છે એની એક મોટી ખાસિયત એ છે કે તે જૂનાનો સદંતર વિરોધ કરે છે અને એને ઠેકાણે નવું આવવું જોઈએ એવો આગ્રહ રાખે છે. જૂના વિચારો, રિવાજો, સિદ્ધાંતો, ગ્રંથો અને જૂની વ્યવસ્થાઓ તથા સંસ્થાઓ તેને માન્ય નથી, માટે તેમને ઉખેડી નાંખીને કે નિર્મૂળ કરીને નવાની સંસ્થાપના કરવાનો તે આગ્રહ રાખે છે. જૂનું તેટલું બધું સોનું છે-એવું કહેવાનો આપણો આશય નથી. જૂનામાં ક્યાંક કંચન હોય તો ક્યાંક કથીર પણ હોય; ક્યાંક પવિત્ર પારદર્શક પાણી હોય તો ક્યાંક તેના પર જામેલી લીલ પણ હોય; ક્યાંક પ્રજ્વલિત પાવક હોય, ક્યાં કેવળ તણખા હોય તો ક્યાંક રાખ પણ હોય; એમાં અવલોકન, સંશોધન ને સુધારણાને અવકાશ હોઈ શકે. એ માટેનો પ્રામાણિક પ્રયાસ આવકારદાયક ને સ્તુત્ય પણ કહેવાય. તેને બદલે જૂનું બધું કથીર છે, માલ વગરનું છે, ઉપેક્ષા કરવા યોગ્ય કે કાઢી નાંખવા જેવું છે તથા એ



જૂનું છે માટે જ એનો વિરોધ કે ઉપહાસ કરવા જેવો છે એવું જક્કી ને જડ વલણ અખત્યાર કરવામાં આવે, અને એને જ પ્રગતિવાદ અથવા આધુનિકતાની નિશાની માનવામાં આવે ત્યારે એવા વલણ સાથે આપણે સંમત ના જ થઈ શકીએ અને એવી આધુનિકતાને અંજલિ પણ ના આપી શકીએ. જૂના અને નવા બંનેનો વિચાર પોતાની બુદ્ધિથી કરવો જ પડશે. જૂનામાં બધું સારું ના લાગતું હોય તો બધું ખરાબ પણ નથી અને એવી જ સ્થિતિ નવાની પણ છે. એમાં પણ સારા-નરસાનું સંમિશ્રણ જ છે. એટલે બંનેની બાબતમાં હંસક્ષીરન્યાયને કામે લગાડવો પડશે. જૂનાને ખાતર જૂનાનો આગ્રહ અથવા અસ્વીકાર અને નવાની ખાતર જ નવા પ્રત્યે સૂગ કે શ્રદ્ધા-એ બંને પ્રકારના ભયસ્થાનોમાંથી બચવાનું છે.

એક બીજી વાતનો ઉલ્લેખ કરી લઉં? જેને પ્રાચીન કહેવામાં આવે છે તે વિચારો, ભાવો, માન્યતાઓ, સિદ્ધાંતો, સંસ્થાઓ ને વ્યવસ્થાઓની પાછળ અનુભવનું પીઠબળ છે. આટલાં બધાં વરસો સુધી તે જીવંત છે તેનું કારણ કેટલાક કહે છે તેમ કેવળ પરંપરા, રૂઢિ કે અંધશ્રદ્ધા નથી, કિન્તુ તેમની પોતાની તર્કબદ્ધતા, શક્તિ ને સંગીનતા છે. એટલે તો વારંવારના વિરોધ છતાં એ આજે પણ જીવંત છે. તેમને સહાનુભૂતિથી સમજવાની કોશિશ કરવાને બદલે કાંઈક નવું કહી કે કરી નાખવાની ધૂન કે લગનમાં તેમનો વગર વિચાર્યે વિરોધ જ કર્યા કરશો તો તેમને ધારો છો તેમ ઉખેડીને ફેંકી તો નહીં જ શકો, પરંતુ લોકોના મહામહેનતે ઊભા કરેલા વિશ્વાસને હલાવી નાંખશો અને

નુકશાન પહોંચાડશો એ તો નક્કી જ છે. લોકોને જ્યાં સુધી કોઈ નવી ને વધારે સારી વ્યવસ્થા નહીં આપો ત્યાં સુધી જૂનાના અંત આણવાના કામમાં તમને સફળતા નહીં જ મળે. તમારી એવી પ્રવૃત્તિથી વિશેષ હેતુ પણ નહીં સરે.

ગુરુની આવશ્યકતાનો સ્વીકાર પૂરતા ચિંતનમનન અને અનુભવ પછીથી થયેલો છે. આત્મિક ઉન્નતિની અભિલાષાવાળી વ્યક્તિને ગુરુની આવશ્યકતા છે જ. ખાસ કરીને યોગમાર્ગમાં તો ગુરુ વિના ચાલે જ નહીં. ગુરુ વિના માર્ગ કોણ બતાવશે ? ઉત્સાહ કોણ આપશે ? ગૂંચ કોણ ઉકેલશે ? અને મંઝીલ પર પહોંચવાનું પીઠબળ કોણ પૂરું પાડશે ? મોટાભાગના માણસો ગુરુની મદદ વિના ભાગ્યે જ આગળ વધી શકશે. તેનાથી ડરવાનું ને તેનો વિરોધ કરવાનું શું કામ છે ? તે તો પિતાતુલ્ય છે, માયાળુ માતા છે, મિત્ર છે અને માર્ગદર્શક છે. ગુરુની સંસ્થામાં કોઈ દોષ દેખાતા હોય તો તેમને દૂર કરવાનો પ્રયાસ જરૂર કરો. પરંતુ ગુરુનો અથવા એની પાછળની લોકોપયોગી ભાવનાનો વિરોધ કદાપી સફળ નહીં થઈ શકે.

જીવનમાં એવો તબક્કો પણ આવશે જ્યારે બાહ્ય ગુરુની જરૂર નહીં રહે. પરંતુ તે ક્યારે ? મન જ્યારે નિર્મળ ને સાત્ત્વિક બનશે અને ઈન્દ્રિયોનો સંયમ સહજ થશે ત્યારે એવું મન માર્ગદર્શકનું કામ કરી શકશે. હૃદયની શુદ્ધિ સધાતાં અંદર રહેલા ઈશ્વર સાથે સંબંધ બંધાશે અને ઈશ્વરની પ્રેરણા તથા ઈશ્વરનું પથપ્રદર્શન પ્રાપ્ત થશે. શુદ્ધ થયેલું હૃદય અને એમાં રહેલો ઈશ્વરી પ્રકાશ જ પછી ગુરુનું કામ કરશે. એવા વિશાળ



અર્થમાં કહી શકાય કે માણસ પોતે જ પોતાનો ગુરુ થઈ શકશે. કવિ દયારામે ગાયું પણ છે કે “મન તણો ગુરુ મન કરીશ તો તો સાચી વસ્તુ જડશે, દયા દુઃખ કે સુખ માન પણ સાચું કહેવું પડશે.” પરંતુ એવી ઊંચી ભૂમિકા પર પહોંચેલા સાધકો કેટલા ? આંગળીના વેઢા ગણી શકાય એટલા પણ ભાગ્યે જ મળી શકે. વધારે ભાગના લોકો તો હજુ તદ્દન પ્રાથમિક દશામાં આરંભની ભૂમિકામાં જ જીવી રહ્યા છે. તે પોતાના પ્રકાશદાતાને ઝંખે છે. માર્ગદર્શકની માંગણી કરે છે. શ્રદ્ધાસ્પદને માટે શ્રદ્ધાભક્તિથી પ્રાર્થના કરે છે. આગળ વધવાની ઈચ્છા રાખે છે. પરંતુ પ્રગતિનો સાચો ને સ્પષ્ટ ખ્યાલ ના હોવાથી આગળ નથી વધી શકતા. કોઈ આગળ વધ્યા કે તો ક્યાંક અટકી પડ્યા છે. એવા બધાંને ગુરુની જરૂર રહેવાની જ. તે બહારના ગુરુને બદલે અંદરના અથવા મનના ગુરુ નહીં કરી શકવાના. એવી રીતે વિકાસ પણ નહીં કરવાના. એટલે તો મનના ગુરુ માટેની ભલામણ કરનાર દયારામને પણ બહારના ગુરુ કરવા પડેલા.

પહેલા બહારના ગુરુ પછી અંદરના. બહારના ગુરુમાં શ્રદ્ધા-ભક્તિ રાખનારે અંદરના ગુરુનો સંબંધ છેવટે તો કરવો જ રહેશે. એવો સંપર્ક સાધી ચૂકેલા કોઈક ગણ્યાગાંઠ્યા ! ઉન્નતિના રાજમાર્ગ પર આગેકૂચ કરવા માગતા, બીજા જીવોને તો બાહ્યગુરુની આવશ્યકતા રહેશે જ રહેશે. એમાં કંઈ ખોટું પણ નથી.

**—શ્રી યોગેશ્વરજી**

———X———

# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૫૪૪**
**તા. ૯-૧-૮૩, રવિવાર, માગશર વદ અગિયારસ ૨૦૩૯**
**પ્રિટોરીઆ શહેર**

લોઢિયમ નામનો ઈન્ડિયન એરિયા છે. ત્યાં લોકો સ્વતંત્ર રીતે પોતાના બંગલા બાંધીને રહે છે. હજારોની સંખ્યામાં અહીં બંગલાઓ છે, જેમાં ગુજરાતી, મુસ્લિમ તથા ઉત્તર ને દક્ષિણ ભારતના લોકો વસ્યા છે. શહેરથી દશ-પંદર મિનિટના માર્ગે આ સ્થાન આવેલું છે.

અમારો ઉતારો એવા જ એક સ્વતંત્ર બંગલામાં હતો. તે પરિવારના મૂળ પુરુષ શ્રી મોહનલાલ જોષી દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના કલાર્ક તરીકે પ્રથમવાર આવેલા અને પછી ત્યાં જ વસી ગયેલા. તેઓ મૂળ રાજકોટના હતા. તેમના પુત્ર શ્રી પ્રીતમલાલ જોષી ત્યાં રહે છે. તેમનો મળતાવડો સ્વભાવ કોઈને પણ અજાણ્યું લાગવા ન દે. અમને પણ એ રીતે આ પરિવારમાં અજાણ્યું ના લાગ્યું.

સવારે પૂ.શ્રી સ્નાન કરી લે છે. વ્યાયામ પણ કરે છે. બધો જ ક્રમ એકધારો ચાલ્યા કરે છે. આજે અગિયારસ છે જેથી ફળ ને દૂધ બાર વાગ્યે લઈએ છીએ. સાડા બારથી બે વાગ્યા સુધી સત્સંગની વાતો થાય છે. રાજકોટના વિવિધ સંતોની વાતો પૂ.શ્રી કરે છે.

બે વાગ્યે કેનેડાથી શ્રી સુરેશભાઈનો ફોન આવે છે. તેમણે ક્યાંથી કેવી રીતે અમારા ઉતારાનો ફોન શોધી કાઢ્યો



તેની ખબર ના પડી. તે ભાઈ સાથે પૂ.શ્રીએ પ્રેમથી વાતો કરી. મારે મૌનવ્રત હતું, જેથી મારે વાતો ન થઈ.

શ્રી રતિભાઈ દોઢ વાગ્યાથી ઊભા થઈને પૂ.શ્રીને બહાર લઈ જવા તૈયાર થઈ ગયા હતા. પણ પૂ.શ્રી કહેઃ હજી વાર છે. થોડીવાર પછી જઈશું. થોડીવાર પૂ.શ્રી પોતાના ચંપલ પહેરીને પણ યજમાન સાથે વાતો કરવા ઊભા રહે છે. ત્યાં જ કેનેડાથી ફોન આવે છે. પૂ.શ્રીનો વિલંબ સહેતુક હતો એવું પાછળથી અનુભવાયું.

બહાર જવા માટે યજમાન પરિવારની અને બીજી અન્ય પ્રેમી પુરુષની ગાડી હતી. પૂ.શ્રી બેસે છે. શહેરમાં સૌપ્રથમ મોન્યુમેન્ટ જોવા જવાનું બને છે. માર્ગમાં એક નાના ગામ જેવડી હોસ્પિટલ જોઈ, જેના ભોંયરામાં ત્રણ માળ ને ઉપર ત્રણ માળ છે. તેમાં આખાયે દેશના ઘવાયેલા સૈનિકોને તરત જ હેલીકોપ્ટર દ્વારા લાવવામાં આવે છે. સરકારી ખાણમાં કામ કરતા મજૂરો અકસ્માતનો ભોગ બને તો તેમને પણ અહીં સારવાર અપાય છે. અંગ્રેજ, આફ્રિકન, ઈન્ડિયન- કોઈ પણ અહીં સૈનિક તરીકે પ્રવેશ પામી શકે છે.

પ્રિટોરીઆ શહેરમાં પ્રવેશતાં જ દૂર દૂરથી મોન્યુમેન્ટની ભવ્ય ઈમારત દેખાય છે. ૧૮૩૮ની ૧૬મી ડિસેમ્બરે આફ્રિકન પ્રજાને હરાવીને ડચ પ્રજાએ શાસન શરૂ કર્યું હતું. તે યુદ્ધના ડચ પ્રજાના શહીદોના સ્મરણાર્થે આ મોન્યુમેન્ટ-સ્મારક બંધાયેલું છે. ડચ પ્રજા આ દેશમાં પ્રવેશી ત્યારે તેમનાં જીવન કેવાં હતાં તેની સ્મૃતિ કરાવતું મ્યુઝિયમ પણ અહીં છે.

આ મોન્યુમેન્ટ કે મ્યુઝિયમમાં ફક્ત સફેદ ચામડીવાળાઓને જ જોવા જવાનો પ્રવેશ મળતો હતો, પણ હવે થોડી છૂટ મુકાઈ છે.

આ દેશમાં ડચ પ્રજાએ આફ્રિકનોને સમજાવ્યું કે, ઈશ્વરે અમને અહીં મોકલ્યા છે. કાળી પ્રજાને સુધારવાનું કામ અમને ઈશ્વરે સોંપ્યું છે.

ડચ પ્રજાના હુમલા સામે આફ્રિકનો પાસે સંરક્ષણનાં સાધનોમાં ભાલા, તીરકામઠાં જ હતાં. પરિણામે લોહી આફ્રિકનોનું રેડાયું, પણ સ્મારક ડચ પ્રજાનું થયું. કેવી બલિહારી!

મ્યુઝિયમમાં, આ દેશનો ડચ પ્રજાનો ઈતિહાસ ચિત્રોમાં જોવા મળે છે. ત્યાં એ મ્યુઝિયમની માહિતી, કાર્ડ વગેરે પણ વેચાય છે. એક અંગ્રેજ સ્ત્રી એ કામ સંભાળતી હતી. તેણે પૂ.શ્રીનો પહેરવેશ જોઈને આશ્ચર્ય અનુભવ્યું. તે સ્ત્રીએ શ્રી રતિભાઈને પૂ.શ્રીનો પરિચય પૂછ્યો, જે જાણીને તે સ્ત્રીએ કહ્યું: મારે એમને મળવું છે ને પ્રણામ કરવા છે. શ્રી રતિભાઈએ 'મ્યુઝિયમમાંથી પાછા આવતાં હું મહાત્માજીને તમારી પાસે લાવીશ.' એમ જણાવ્યું.

છેવટે તે ટેબલ પાસેથી જ મ્યુઝિયમની બહાર નીકળવાનું હતું. ત્યાંથી અમે પસાર થયાં ત્યારે તે સ્ત્રીએ પૂ.શ્રીને પ્રણામ કરીને આનંદ વ્યક્ત કર્યો. વળી, તેણે થોડી વાતો કરી અને કહ્યું: હું દુ:ખી છું. આપ મને આશીર્વાદ આપો. અને મારે માટે આપ પ્રાર્થના કરશો?



પૂ.શ્રીએ તે સ્ત્રીને અંગ્રેજીમાં જ જવાબ આપતાં કહ્યું: જરૂર અમે પ્રાર્થના કરીશું, તમે પણ ઈશુનું સ્મરણ કરજો. સવારે ઊઠતી વખતે ને સાંજે સૂતી વખતે પવિત્ર નામ જપજો. ઈશુ કહે છે કે, 'સ્વર્ગનું રાજ્ય તમારી અંદર જ છે.'

તે સ્ત્રી પૂ.શ્રીના ઉત્તરથી ખૂબ પ્રસન્ન થઈ. તેણે ફરી પ્રણામ કર્યા. એ પછી અમે વિદાય લીધી.

ત્યાંથી પાર્લામેન્ટ હાઉસ જેનું નામ યુનિયન બીલ્ડીગ છે ત્યાં ગયાં. ત્યાંના બગીચામાં ફોટાઓ પણ લીધા.

સાડા ચાર વાગ્યે ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

સાંજે પૂ.શ્રીને મસૂરીમાં રહેતા ગુજરાતી પરિવારનાં એક બહેન મળે છે.

શ્રી હિન્દુ સેવા સમાજના વિશાળ હૉલમાં મંચ ઉપર સોફાની બે બેઠક તૈયાર છે. એ જ ચોગાનમાં મંદિર પણ છે, જેમાં રામ, લક્ષ્મણ, સીતા, શંકર, પાર્વતીની ઊભી મૂર્તિઓ મોટી ને આકર્ષક છે. એ મંદિર ૧૯૭૧માં બંધાયું હતું. વળી એ જ ચોગાનમાં એક મોટી ગુજરાતી શાળા પણ હતી. શરૂઆતમાં અમે મંદિરમાં ગયાં. પછી, હૉલમાં ગયાં. અમારો પરિચય અપાયો. સ્વાગત થયું. પછી પ્રવચન થયું. મૌન હોવા છતાં બે ભજનો મેં ગવડાવ્યાં. એ પછી ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—મા સર્વેશ્વરી**

------X------

# ॥ ગુરુપૂર્ણિમા ॥

પ્રશ્ન : ગુરુપૂર્ણિમાનો મહિમા આટલો બધો કેમ લાગે છે ?

ઉત્તર : ગુરુપ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ તથા ભાવનાથી ભરેલા ભક્તોને લીધે.

પ્રશ્ન : એને ગુરુ સાથે સંબંધ છે ખરો ?

ઉત્તર : હા.

પ્રશ્ન : કેવી રીતે ?

ઉત્તર : ગુરુપૂર્ણિમાનું બીજું નામ વ્યાસપૂર્ણિમા પણ છે. એ દિવસે મહર્ષિ વ્યાસનો પ્રાદુર્ભાવ થયેલો એમ કહેવાય છે. મહર્ષિ વ્યાસ ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા તથા પ્રતિનિધિ હોવાથી એ દિવસનો મહિમા ધાર્યા કરતાં ઘણો મોટો કહેવાય, એ દિવસે એમની પૂજા થાય અને એમને સમુચિત અંજલિ અપાય એ ઇચ્છવા જેવું, આવકારદાયક, અભિનંદનીય છે. વખતના વીતવાની સાથે મહર્ષિ વ્યાસને બદલે વ્યાસપીઠ પર વિરાજેલા કથાકાર કે ઉપદેશક અને પોતપોતાના સદ્‌ગુરુની પૂજાની પ્રથા પ્રવર્તી હશે. આજે એ પ્રથા સાર્વત્રિક જેવી બની ગઈ છે.

પ્રશ્ન : એ પ્રથા તમને પસંદ છે ?

ઉત્તર : એ પ્રથા મને પસંદ છે કે નથી એ પ્રશ્નનું એટલું બધું



મહત્ત્વ નથી. ભક્તો, શિષ્યો, સદ્‌ગુરુઓ અને સદુપદેશકોને એ પસંદ છે. એ પ્રથા અથવા પૂજાપદ્ધતિ પ્રેરક, પથપ્રદર્શક, ઉપયોગી, ઉપકારક છે. એ દિવસે શ્રદ્ધા ભક્તિસભર ભાવભીના ભક્તો ગુરુની આગળ એકઠા થાય છે, ગુરુનું મંગલ માર્ગદર્શન મેળવે છે, આધ્યાત્મિક જીવનની પ્રેરણા પામે છે, ને સદ્‌ગુરુની સમયોચીત સેવા કરે છે. માનવજીવનના ધ્યેયનું સ્મરણ કરવાનો, અવિદ્યારૂપી અંધકારમાંથી પ્રજ્ઞાના પરમ પાવન પ્રકાશમાં પહોંચવાના સંકલ્પ દૃઢાવવાનો, એ દિવ્ય દીક્ષા દિવસ છે. એનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે એ ઇચ્છવા જેવું છે. એવી રીતે એનો લાભ લેવાય તો એ દિવસ વધારે પ્રેરણાત્મક તથા શ્રેયસ્કર થઈ પડે. એ દિવસને જીવનવિકાસના મહત્ત્વના દિવસ તરીકે માનવો-મનાવવો જોઈએ પૂજાની પરંપરાગત પ્રથાને આત્મોન્નતિના અસરકારક અમોઘ સાધન તરીકે માનવા મનાવવામાં આવે એ આવશ્યક છે માટે જ હું ગુરુપૂર્ણિમાની પાવન પરંપરાગત પ્રથાનો ને પૂજાપદ્ધતિનો વિરોધ નથી કરતો. એ પ્રથા જીવંત રહે ને કાયાકલ્પ પામે તો સારું લેખાય. એ જડને બદલે ચિન્મય થાય, જીવનોપયોગી બની જાય.

**—શ્રી યોગેશ્વરજી**

-------X-------

" 'Guru' is the 'Divine channel' through which The God's wisdom and mercy Flow."

# ॥ 'મા' પૂર્ણિમા ॥

આષાઢ સુદ પૂનમને આપણી સંસ્કૃતિમાં 'ગુરુપૂર્ણિમા'નું અભિધાન અર્પવામાં આવ્યું છે. ગુરુનું માહાત્મ્ય સમજવાનું, ગુરુઋણ અદા કરવાનું આ શુભ, પવિત્ર પર્વ મનાયું છે.

'ગુરુ' એટલે જે લઘુ નથી તે. એટલું જ નહીં, જે કોઈને લઘુ ગણતો નથી. માણસમાત્રને લઘુતાવૃત્તિમાંથી બહાર કાઢવા પ્રયત્નશીલ રહી, એનામાં રહેલી 'ગુરુતા'ની પિછાન કરાવે છે.

આમેય 'ગુરુ' શબ્દનો અર્થ જ એ છે કે, 'જે અવિદ્યાનો અંધકાર દૂર કરે એ ગુરુ. અવિદ્યા એટલે જાત વિશેનું અજ્ઞાન દૂર કરી, આત્માની ઓળખાણ કરાવી આપે એ ગુરુ. આત્માની આડે અહંકારનાં ઘણાં વ્યવધાનો છે એ દૂર કરવા તમામ પ્રકારની સહાય કરે એ ગુરુ.'

શરીરભાવ-મનભાવથી પરે આત્મામાં પ્રતિષ્ઠ કરવા, પરમાત્માનિષ્ઠ થવા જે પોતાના જીવંત નિદર્શનથી સતત પ્રેરે તે ગુરુ.

આવા એક પરમ સદ્ગુરુ અંબાજી તીર્થધામમાં આવેલા 'સ્વર્ગારોહણ'માં બિરાજે છે. તેમનું શુભ અને પવિત્ર નામ છે : 'મા' સર્વેશ્વરી. અનવરત તપ-વ્રત-સાધના, ધ્યાન-સમાધિથી દેહ-મનથી ઉપર ઊઠી. સદા આત્મસ્થ છતાં જીવમાત્ર પર છલોછલ પ્રેમ-કરુણા વરસાવનારાં, પ્રસન્નવદના, મૌનમૂર્તિ 'મા' પોતાના સદ્ગુરુ શ્રી યોગેશ્વરજી પર છેલ્લાં ૪૭-૪૭ વર્ષથી પોતાનું જીવનસર્વસ્વ જે રીતે ઓવારી રહ્યાં છે, એના સાક્ષી બનવું એ પણ આપણું પરમ સદ્ભાગ્ય છે. 'ગુરુસ્મરણતીર્થ'ને



ઓવારે પોતાના પ્રત્યેક શ્વાસને સમિધરૂપે ધરતાં 'મા' ખરેખર 'કળિયુગનો ચમત્કાર' છે.

'મા' સર્વેશ્વરીના સમગ્ર અસ્તિત્વમાંથી સદા એક જ ઝંકાર પ્રગટે છે : સદ્ગુરુ-પ્રભુ શ્રી યોગેશ્વરજીના નામનો ! નિતાન્ત નિરીચ્છા-સંપૂર્ણ ઈચ્છારહિતતા. સંપૂર્ણ અપરિગ્રહ, જાત-જગત પરત્વે ઉદાસીનતા, કેવળ પ્રભુમયતા, આડંબર-કૃત્રિમતાનું નામનિશાન નહીં, સરળતા, નિખાલસતા, પારદર્શકતા, શુચિતા, સુઘડતા, સ્વચ્છતા, પવિત્રતા 'મા'માં સહજ વરતાય.

આ શ્વેતવસ્ત્રધારિણી સદૈવ સહજ સમાધિમાં રહેતાં અનુભવાય છતાં એક સાધારણ સાધિકાની ભૂમિકામાં આવી આપણી સાથે સ્નેહસંવાદ રચે છે.

આ મૌનમયી 'મા'ના 'મૌન'નાં ત્રણ સ્વરૂપોની સંનિધિ જેણે માણી છે, એને એ ત્રણેયમાં કલ્યાણમયી 'મા'ની ન્યારી છબી અવલોકવાનું સૌભાગ્ય મળ્યું છે; એ ત્રણે પ્રકારનાં મૌનની વાત કરીએ :

(૧) લોકાન્તમાં સ્લેટ સાથે મૌન :

સ્લેટલેખન માટે 'મા' કહે છે તેમ; 'આના પરનો પ્રત્યેક અક્ષર પ્રભુ લખાવે છે.' શબ્દોનો અત્યંત કરકસરભર્યો ઉપ-ભોગ, જ્યારે જેટલું આવશ્યક તેટલું જ લખાય. આમાં ભક્તોના ભૌતિક પ્રશ્નોથી માંડીને આધ્યાત્મિક સહાય માટેનાં અલગ-અલગ સૂચનો હોય, સતત ભક્તોનો અહંકાર ખંખેર્યા કરે, આસક્તિ હટાવ્યા કરે, પ્રારબ્ધનાં લેખાં-જોખાંમાંથી ઉપર ઊઠવાનો માર્ગ દર્શાવે, સત્કાર્યો માટે પ્રેરે, નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચવા આડે આવતા અંતરાયોથી સાવધ કરે, નિરપેક્ષ-

નિર્વ્યાજ પ્રેમ સતત વરસાવતાં રહે, અહૈતુક કરુણા હરક્ષણ પ્રગટતી રહે, નિરંહકારી પ્રભુમય 'મા' જગત્કલ્યાણ માટેનાં કાર્યો માટે મથતાં રહે.

(૨) એકાન્તમૌન :

'મા' ભક્તોને દર્શન-શ્રવણ-પત્ર-ફોન દ્વારા મળવાનું થોડા દિવસ મુલત્વી રાખી, કેવળ પ્રભુ સાથે સંવાદ સાધે યા 'આત્માનુસંધાનરત' રહે.

'મા' એ નોંધ્યું છે તેમ; 'આ એકાંતમાં પ્રભુનો ચૈતન્યસંસ્પર્શ અનુભવાય છે. પ્રભુનાં નેત્રોમાં સૂરજ-ચન્દ્ર સામટા સાક્ષાત્ વિલસતાં દેખાય છે. આ ક્ષણેક્ષણની પ્રભુમયતા 'મા' પાસે લાખો જપ, અગણિત માળાઓ, ડાયરીલેખન, પદરચનાઓ, વાચન-લેખન કરાવી સતત આનંદલહાણ કરે છે.'

'મા' કહે છે : 'આ અવસ્થામાં દેહભાવ બિલકુલ રહેતો નથી. ક્ષણનો પ્રમાદ થતો નથી. નિદ્રા પણ નહિવત્ થઈ જાય છે. હવે અઠવાડિયામાં ત્રણ દિવસ કે પાંચ દિવસ આવા એકાંતના રાખવા એવું મન થઈ જાય છે અથવા સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સ્લેટ રાખવી પછી પંખીની જેમ એકાંત મૌનમાં જતા રહેવું.'

(૩) કાષ્ઠમૌન :

કોઈ કોઈ વાર 'મા' અચાનક કાષ્ઠ મૌનમાં પણ જતાં રહે છે; જેમાં દેહ સ્થગિત, મન સ્થગિત કેવળ આત્મભાવ !

આત્માને તો ન ખાવાનું, ન પીવાનું, ન સૂવાનું, ન જાગવાનું, ન હાલવાનું, ન ચાલવાનું, ન સાંભળવાનું, ન કંઈ કહેવાનું. ન જાતની સુધ, ન જગતની !



ભેદભાવનો સંપૂર્ણ અભાવ. 'પ્રભુ અને પોતે' એમ પણ નહીં, પ્રભુ સાથે એકરૂપતા, અદ્વૈત અથવા કેવળ પ્રભુ, પોતે બિલકુલ નહીં.

સંસાર પરત્વે સંપૂર્ણ વિરક્તિ, કેવળ પ્રભુ પ્રત્યે અનુરક્તિ. આત્મા પરમાત્મામાં ભળી જાય, ગળી જાય, ઓગળી-પ્રભુરૂપ જ થઈ જાય !

આ ત્રણ પ્રકારનાં મૌનમાં ત્રણ સંદેશ છે :

(૧) લોકાન્ત મૌનમાં પોતે છે, પ્રભુ છે ને જગત છે. પ્રભુ પોતાને 'ઉપકરણ' બનાવે છે તો ભલે સ્લેટ પર શબ્દોરૂપે અવતરે ! 'મા'ને શું ? જગતના જીવોનું કલ્યાણ ભલે આ નિમિત્તે થાય.

(૨) એકાન્તમૌનમાં વિસ્તારથી વિરામ ! પોતે પ્રભુની સંનિધિમાં રહે. અદૃશ્ય-અશ્રુત છતાં કલ્યાણમય તો એટલાં જ !

(૩) કાષ્ઠ મૌનમાં કેવળ પ્રભુ અથવા કેવળ પોતાનો આત્મા. સંપૂર્ણ અદ્વૈત. 'કોઈ બીજું છે જ નહીં'નો ભાવ.

આમ, 'મા'નાં પરમ ચૈતન્યનાં અવનવાં રૂપો 'સ્વર્ગારોહણ'માં સહજ રીતે પ્રગટતાં રહે છે. છતાં આપણી સાથે અત્યંત સામાન્ય-સરળ-સહજ વ્યવહાર કરી, પોતાની અસામાન્યતાનું ઐશ્વર્ય છૂપાવી, આપણા પર સતત પ્રેમાભિષેક કરતાં રહે છે.

ગુરુપદમાં વિરાજિત 'મા'ને જાણ્યા પછી હવે કોઈ વેદ, ઉપનિષદ, કુરાન, બાઈબલ-કોઈ સદ્ગ્રંથમાં ગુરુની વ્યાખ્યા કે ગુરુનાં લક્ષણો શોધવા જવાની જરૂર નથી રહી.

'મા'નું 'દિવ્ય કે અલૌકિક સ્વરૂપ' પ્રતીત થયા પછી કોઈ

અન્ય દેવ-દેવીઓને ઢૂંઢવા જવાની આવશ્યકતા નથી રહી.

'આત્મસ્વરૂપા' 'મા'ને પ્રત્યક્ષ નિહાળ્યા પછી હવે કોઈ દેહ-મનની આંટીઘૂંટીમાં પડવાની મૂર્ખાઈ બચી નથી.

સાચે જ, 'આત્મા-ગુરુ-ઈશ્વર' એક જ છે. એ શ્રી રમણ મહર્ષિકથિત કથનનું સંપૂર્ણ સત્ય 'મા' સર્વેશ્વરીમાં મૂર્તરૂપે ઝળહળતું જોઈ શકાય છે.

છતાં 'મા'ની વિનમ્રતા જુઓ કે, એ પોતાના નામ આગળ કોઈ વિશેષણ લગાડતાં નથી-લગાડવા દેતાં નથી. એ જાણે છે કે, પોતાને 'આત્મસ્વરૂપા' તરીકે ઓળખાવે તો ભક્તોને એમના દેહ-મનમાં અટવાયેલા જીવ વિશે લઘુતાભાવ ઊપજે. પોતાને 'ગુરુ' તરીકે જણાવે તો ભક્તોને શિષ્યપદ માટે લાયકાત મેળવવા જવું પડે. અને પોતાને 'ઈશ્વર' માનવા દે તો ભક્તોને એમના પ્રભાવથી અંજાઈ દૂરતા કે અલગતા રાખવી પડે.

એટલે તો કેવળ 'મા' તરીકે પોતાને ગણે-ગણાવે જેથી આબાલવૃદ્ધ બધાં જ નિઃસંકોચ એમની સમક્ષ બાળક બની જઈ શકે.

સંતની 'સર્વજનસુલભતા' જ ભક્તોનાં ઘણા કષાયો કાપી શકે એ 'મા' સર્વેશ્વરીનો સર્વશ્રેષ્ઠ ગુણ છે.

શ્રી યોગેશ્વરજીએ 'મા'ને અર્પેલું 'સર્વેશ્વરી' નામ પણ કેવું સુયોગ્ય અને સાર્થક છે ! 'સર્વનું ઈશ્વરીતત્ત્વ' ઉજાગર કરવા આ 'મા' મથી રહ્યાં છે. અને એટલે જ આ 'મા' 'સર્વની ઈશ્વરી' છે, 'સર્વની દિવ્ય શક્તિ' છે.

આવાં પરમ કરુણાળુ 'મા' સર્વેશ્વરીને આપણાં કોટિ કોટિ પ્રણામ !

------X------

—તરલા દેસાઈ



# ॥ શ્રી રામકૃષ્ણ અને નરેન્દ્ર ॥

પૂર્વની ઊંડી ચિંતનશીલતા અને પશ્ચિમની ઉત્કટ પ્રવૃત્તિશીલતાનો સંયોગ થવાનો હોય એમ શ્રી રામકૃષ્ણ અને નરેન્દ્રનાથનો મેળાપ થયો.

નરેન્દ્રના પ્રથમ આગમને જ શ્રી રામકૃષ્ણને લાગ્યું કે 'એની આંખો એના અંતર્મુખ ચિત્તની સાક્ષી પૂરતી હતી. કેમ જાણે એનું ચિત્ત અંતરના ઊંડાણમાં કંઈક શોધી રહ્યું ન હોય !'

પછી એણે 'મન ! ચલો નિજ નિકેતને' એવા ભાવથી ગાયું કે, શ્રી રામકૃષ્ણ પોતાની જાત ઉપરનો કાબૂ ખોઈ બેઠા. ત્યાર પછી એને મળવાની સતત ઈચ્છા થઈ આવતી. વેદના એવી દારુણ બનતી કે જાણે ભીના ટુવાલની પેઠે એમનું હૃદય નીચોવાઈ રહ્યું હોય !

નરેન્દ્રે મિત્રોને કહ્યું : 'મારો હાથ ઝાલીને તેઓ તો પુષ્કળ હર્ષાશ્રુ વહાવવા લાગ્યા.' એમણે કહ્યું :

'અરે ! આટલું મોડું અવાય કે ?...સંસારી લોકોની અપવિત્ર વાતો સાંભળી સાંભળીને મારા કાન સળગી ગયા છે. અરે ! મારી અનુભૂતિ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારા મનનો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું !'

'પ્રભો ! હું જાણું છું તમે તો પ્રાચીન ઋષિ નરનારાયણના અવતાર છો.'

મને વિચાર આવ્યો. 'આ તે કેવા માણસને હું મળવા આવ્યો છું ! એ તદ્દન પાગલ હોવો જોઈએ ! અરે ! હું તો વિશ્વનાથદત્તનો પુત્ર છું અને તેમ છતાં એ મને આ રીતે શા માટે સંબોધતા હશે ?'

એકવાર શ્રી રામકૃષ્ણે તેમની આજુબાજુ બેઠેલા સમુદાયને કહ્યું : 'જુઓ ! સરસ્વતીના પ્રકાશથી નરેન્દ્ર કેવો પ્રકાશી રહ્યો છે !'

ગુરુદેવના મુખમાંથી આવી વાણી નીકળે એ વિચિત્ર તો હતું જ; પરંતુ નરેન્દ્રમાં આવી ઊંડી આધ્યાત્મિકતા તેમણે જોઈ એ તો એથીયે વધુ વિચિત્ર હતી.

નરેન્દ્રે શ્રીરામકૃષ્ણને પૂછ્યું; 'મહાશય! આપે ઈશ્વર જોયો છે ?' એમણે કહ્યું : 'હા, જેવી રીતે હું તને જોઉં છું તેવી રીતે જ ઈશ્વરને જોઉં છું.'

'સ્ત્રી, પુત્ર, ધન અને સંપત્તિ માટે લોકો આંસુની નદીઓ વહાવે છે પરંતુ ઈશ્વરને માટે કોણ એમ કરે છે ? જો કોઈ મનુષ્ય ઈશ્વર ખાતર સાચા હૃદયથી આંસુ સારે તો જરૂર એને ઈશ્વરનાં દર્શન થાય.'

નરેન્દ્રને લાગ્યું કે, 'આ માણસ પાગલ છે પણ અત્યંત પવિત્ર છે અને સાચા સંત છે.'

નરેન્દ્રે એને ગુરુ તરીકે સ્વીકારવાની ઉતાવળ કરી નહીં. એકાદ માસ પછી એ દક્ષિણેશ્વર ગયા ત્યારે શ્રીરામકૃષ્ણે તેમને ચારપાઈ ઉપર બેસાડી, એમની છાતી પર પોતાનો જમણો પગ શું મૂકી દીધો કે નરેન્દ્રને કોઈ અવનવો અનુભવ થયો. તેઓ કહે છે : 'ઓરડાની તમામ ચીજવસ્તુઓ, મારા સહિત આખું વિશ્વ એક સર્વગ્રાહી શૂન્યમાં ગરક થવાની અણી ઉપર હતું. હું ભયભીત થઈ ગયો, મને થયું હું મૃત્યુના મુખમાં છું.' હું બરાડી ઊઠ્યો : 'ઘેર મારાં માતાપિતા છે.' એ સાંભળીને એ મોટેથી હસી પડ્યા અને મારી છાતી પર હાથ ફેરવીને બોલ્યા : 'ઠીક હમણાં આ બધું ભલે બંધ પડે. વખત આવ્યે બધું થઈ રહેશે.'



પણ આ બનાવે નરેન્દ્રના ચિત્તમાં મહાન ક્રાંતિ આણી દીધી. શ્રી રામકૃષ્ણની વર્તુણૂંક નરેન્દ્ર પ્રત્યે અત્યંત મમતાભરી રહી.

ત્રીજી મુલાકાતે, શ્રી રામકૃષ્ણે સમાધિસ્થ થઈને નરેન્દ્રને સ્પર્શ કર્યો. નરેન્દ્રે સઘળું ભાન ગુમાવ્યું. એ અવસ્થામાં શ્રી રામકૃષ્ણે કેટલાક પ્રશ્નો પૂછી જાણી લીધું કે, 'નરેન્દ્ર તો પૂર્ણવસ્થાએ પહોંચેલો, ધ્યાનસિદ્ધ ઋષિ છે. જે દિવસે એને પોતાના ખરા સ્વરૂપનું જ્ઞાન થશે તે દિવસે યોગબળથી સ્વેચ્છાએ એ પોતાનો દેહ ત્યાગશે.'

શ્રી રામકૃષ્ણે સમાધિવસ્થામાં એક તેજોમય માર્ગે એક દેવશિશુને ઋષિ પાસે આવતાં જોયું. એણે ઋષિને કહ્યું : 'હું પૃથ્વી પર અવતરીશ. તમારે પણ સાથે આવવાનું છે.' (એ બાળક તે શ્રી રામકૃષ્ણ હતા અને ઋષિ નરેન્દ્ર હતો.)

બીજા પ્રસંગે રામકૃષ્ણે બનારસથી કલકત્તા સુધી આકાશમાં એક 'તેજલીસોટો' ઝબકતો જોઈ કહ્યું હતું : 'મારી પ્રાર્થના ફળી છે. મારી ઈષ્ટ વ્યક્તિ જરૂર એક દિવસ મને આવી મળશે.'

ગુરુદેવના સ્પર્શથી નરેન્દ્ર ઉપર એમનું પ્રભુત્વ સ્થપાઈ ચૂકેલું. એમાં જ એના આત્માની મુક્તિનો ઉચ્ચ સંદેશ હતો.

પહેલાં નરેન્દ્ર માનતો કે, ગુરુ કરવાની કશી આવશ્યકતા નથી. નિર્બળ અને સંકુચિત દૃષ્ટિવાળો મનુષ્ય સંપૂર્ણ આજ્ઞાપાલન પ્રેરી શકે એવો પૂર્ણ ગુરુ શી રીતે બની શકે ?

હવે એને ખ્યાલ આવ્યો કે, આવો પુરુષ હોઈ શકે અને એના પ્રભાવનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

ગુરુદેવના સતત સમાગમમાં રહેવાથી એમની તપ અને ત્યાગની ભાવના વિશેષ દૃઢ થઈ. હવે ઈશ્વરસાક્ષાત્કારની સાધનામાં મન પૂરેપૂરું પરોવાયું.

એમને હિંદુ દેવોમાં શ્રદ્ધા ન હતી. હિંદુના ઘણા કર્મકાંડોની એ મશ્કરી કરતા. એ સ્પષ્ટવક્તા હતા. શરૂઆતમાં સંશયનો અંધકાર ઘેરો બનતાં એમને થયું : 'હું કોઈ હવાઈ ખ્યાલોની પાછળ તો ભમતો નથી ને ?' ત્યારે સત્યની ઝાંખી આછી આછી એમને થવા લાગી પછી એના માટેની તાલાવેલી તીવ્ર બની. એમની ઊથલપાથલો બૌદ્ધિક હતી. પણ શ્રી રામકૃષ્ણની આધ્યાત્મિક હતી. એટલે અપાર સ્નેહ અને ધૈર્યથી એમણે નરેન્દ્રને માર્ગદર્શન આપવાનું કાર્ય જારી રાખ્યું.

શ્રી રામકૃષ્ણનાં ત્યાગ, પવિત્રતા, અનન્ય ઈશ્વરભક્તિને કારણે નરેન્દ્રનાથ તેમની તરફ આકર્ષાયા, જ્યારે એમની સ્વાશ્રયી વૃત્તિ, નીડર સ્વભાવ અને અનન્ય સત્યપ્રેમ જોઈ શ્રી રામકૃષ્ણને માન થયું.

જો કોઈ નરેન્દ્રની ટીકા કરતું તો એ ઠપકો આપી કહેતા : 'આ શું કરો છો ? તમે શિવની નિંદા કરી રહ્યા છો.' કોઈએ નરેન્દ્ર ચારિત્ર્યશિથિલ લોકોના સહવાસમાં બગડી ગયાની વાત કરી તો એનો ઊધડો લેતાં બોલ્યા : 'માએ મને કહ્યું છે કે નરેન્દ્ર કદાપિ ખોટે માર્ગે જાય નહીં.'

નરેન્દ્રની ભાવિ મહત્તાનું ચિત્ર આપતાં કહ્યું : 'કેશવ અને વિજયમાં મેં જ્ઞાનપ્રકાશ મીણબત્તી જેવો જોયો જ્યારે નરેન્દ્રમાં તો એ પ્રચંડ સૂર્યની પેઠે પ્રકાશતો જોયો.' જો કે નરેન્દ્રે ગુરુદેવને કહ્યું : 'વિશ્વવિખ્યાત કેશવને અને સાધુચરિત વિજયને તમે મારા જેવા એક તુચ્છ વિદ્યાર્થી સાથે શી રીતે સરખાવી શકો ?' શ્રી રામકૃષ્ણે જગદંબાનું નામ લેતાં નરેન્દ્રે લાગલું જ કહ્યું 'કોને ખબર કે આ માએ સૂઝાડ્યું છે કે તમારા મગજના તુક્કાઓનું પરિણામ છે ? તમે મારા પ્રત્યે મમતા રાખા છો અને મને



મહાન બનેલો જોવાની આકાંક્ષા સેવો છો એટલે આવા તરંગો ઊઠ્યા કરે એ સ્વાભાવિક છે.' પછી મા પાસેથી મૂંઝાયેલા રામકૃષ્ણને આશ્વાસન મળતું કે 'થોડા જ દિવસમાં એ સ્વીકાર કરશે કે તારું કહેવું બધું શબ્દેશબ્દ સાચું છે !'

એકવાર તો નરેન્દ્રે રામકૃષ્ણને ચેતવતાં કહી દીધું : 'જો તમે મારું સતત ચિંતન કરશો તો તમારું પેલા પુરાણપ્રસિદ્ધ ભરત રાજા જેવું થશે.'

આ શબ્દ સાંભળી તેઓ ખિન્ન થયા પણ માતાના મંદિરમાં જઈ પાછા આવતાં કહ્યું 'મા કહે છે કે મારો તારા ઉપર પ્રેમ છે તેનું કારણ હું તારામાં પ્રભુનું દર્શન કરું છું એ છે.'

શરૂઆતની મુલાકાતમાં શ્રી રામકૃષ્ણે એને કહેલું : 'જો તારામાં શિવ છે અને મારામાં શક્તિ છે, તે બન્ને એક છે.'

અન્ય શિષ્યો પાસે આહાર, ધ્યાન, પ્રાર્થના, નિદ્રા વગેરે બાબતમાં એ ભારે સંયમની અપેક્ષા રાખતા, નરેન્દ્ર પાસે નહીં. એ કહેતા : 'નરેન્દ્ર નિત્યસિદ્ધ, ધ્યાનસિદ્ધ છે. એ જો કોઈ અપવિત્ર આહાર લે તો એનો પ્રદીપ્ત જ્ઞાનાગ્નિ તે આહારને ભસ્મસાત્ કરી નાંખે છે.'

મૂર્તિપૂજા પણ આધ્યાત્મિક ધ્યેયને પહોંચવાનો એક માર્ગ છે. એ વાત નરેન્દ્રને ગળે ઊતરતી નહીં એટલે એમણે કહેલું : 'ભલે થોડા જ વખતમાં મારી કલ્યાણમયી માતાનો સ્વીકાર કરીશ, એટલું જ નહીં પરંતુ એને માટે રુદન કરીશ.'

નરેન્દ્રનું બળવાખોર માનસ જોઈ ગુરુદેવ અંદરથી ખૂબ રાજી થતા કેમકે, સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ માટે તે જરૂરી છે.

નરેન્દ્રે ગુરુદેવની પરીક્ષા કરવા એમની પથારી નીચે એક રૂપિયો સંતાડેલો, પથારીને અડતાંવેંત જ તીવ્ર વેદનાથી એ ઊઠી ગયા.

એક આખો મહિનો દક્ષિણેશ્વર અવારનવાર આવતા નરેન્દ્ર તરફ ગુરુદેવે ઉપેક્ષા સેવી પણ નરેન્દ્રે કોઈ પ્રત્યાઘાત ન દર્શાવતાં એમણે કહ્યું : 'હું તારી સાથે બિલકુલ બોલતો નથી, છતાં તું આવવાનું ચાલુ રાખે છે !' ત્યારે નરેન્દ્રે જવાબ આપ્યો : 'શું આપ એમ ધારો છો કે હું આપની વાતો સાંભળવા માટે જ અહીં આવું છું ? મને આપના પ્રત્યે પ્રેમ છે અને આપનાં દર્શન કરવા ચાહું છું. માટે જ આવું છું.' આ ઉત્તરથી રામકૃષ્ણ અત્યંત પ્રસન્ન થઈ ગયા.

જ્યારે શ્રી રામકૃષ્ણે પોતાની તમામ સિદ્ધિઓ નરેન્દ્રને આપી દેવા કહ્યું ત્યારે એણે પૂછ્યું 'શું ઈશ્વરનો સાક્ષાત્કાર કરવામાં આ સિદ્ધિઓ મને કામ આવશે ? પહેલાં ઈશ્વરનાં દર્શન થવા દો.'

શ્રી રામકૃષ્ણે નરેન્દ્ર સમક્ષ પોતાનું હૃદય ખોલી નાંખ્યું હતું અને સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ ખીલવવામાં એને સહાય કરી હતી. એની આત્મશ્રદ્ધા, સત્યનિષ્ઠા અને આધ્યાત્મિકતામાં અનેકગણી વૃદ્ધિ કરી હતી. એનામાં અલૌકિક પ્રેમ અને વિશ્વાસ દાખવ્યાં. અનેક પ્રલોભનો સામે અજ્ઞાત રક્ષણ કર્યું.

શ્રી રામકૃષ્ણે મહાસમાધિમાં જતાં પહેલાં બહુ કોમળતાથી આર્દ્ર હૃદયે કહ્યું હતું : 'ઓ મારા નરેન ! હું મારું સર્વસ્વ તને આપી દઈને હવે ફકીર બની ગયો છું. આ શક્તિના પ્રભાવથી સંસારમાં તું અનેક મહાન કાર્યો કરી શકીશ.'

વિશ્વભરમાં હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો ડંકો વગાડી,



માતૃભૂમિના કલ્યાણ માટે ઈશ્વર પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્ભવતા રાષ્ટ્રીય આદર્શ પ્રમાણે જીવનનું ઘડતર કરવાનું છે, પરંતુ નીતિના પંથેથી એક તસુ માત્ર પણ ચળવાનું નથી. આ જેનો સંકલ્પ હતો એ વિવેકાનંદે છેલ્લે કહેલું :

'બીજાના હિત માટે તમે શું એક જિંદગી પણ ના આપી શકો ? વેદોનું અધ્યયન અને ધ્યાનાદિ ક્રિયાઓ આવતા જન્મ માટે મુલતવી રાખો !'

'આટલી બધી તપસ્યા પછી હું એક પરમ સત્ય સમજ્યો છું કે પ્રાણીમાત્રમાં પ્રભુ વસી રહ્યો છે, એ સિવાય બીજો કોઈ પ્રભુ છે જ નહીં.'

'જગત આખું પ્રભુ સાથે એકતા અનુભવી રહે ત્યાં સુધી હું સર્વત્ર મનુષ્યમાત્રને પ્રેરણા પાતો રહીશ.' એમ કહેનાર વિવેકાનંદે જીવનલીલા સંકેલી લેતાં પહેલાં ઉચ્ચારેલું : 'જો બીજો વિવેકાનંદ હોત તો આ વિવેકાનંદે કેવું કાર્ય કર્યું છે તે એ સમજી શક્યો હોત.' આટલા આત્મગૌરવથી છલકતા વિવેકાનંદનું શીલ વિનમ્રતાનું હતું, એટલે જ એ કહી શકેલા કે, 'હું જે કંઈ છું, જે કંઈ કરી શક્યો છું એ બધાંનો યશ શ્રી રામકૃષ્ણદેવને જાય છે. મર્યાદાઓ-ક્ષતિઓ રહી ગઈ હોય તો તે મારી છે.'

આમ, શ્રી રામકૃષ્ણ અને નરેન્દ્ર ઉત્તમ ગુરુ અને ઉત્તમ શિષ્યનું ઉજ્જવળ ઉદાહરણ બની અધ્યાત્મવિશ્વમાં અ-મર રહ્યા છે.

—સંકલન

------x------

**વિશ્વંભરને સર્વની ચિંતા, તું શીદને ચિંતા કરે ?**
**ખરે બપોરે સૂર્યને જોવા ગાંડો ઘરમાં દીવો કરે.**

# ॥ શ્રી રામકૃષ્ણ અને માસ્ટર મહાશય ॥

'શ્રી રામકૃષ્ણ-કથામૃત'ના રચયિતા શ્રી મહેન્દ્રનાથ ગુપ્તે ઈ.સ.૧૮૮૨માં સૌપ્રથમ વખત શ્રી રામકૃષ્ણનાં દર્શન કર્યાં ત્યારે તેઓ મેટ્રોપોલિટિન વિદ્યાલયમાં મુખ્ય શિક્ષક હતા. તેઓ 'માસ્ટર મહાશય'ના નામથી જ ઓળખાતા હતા.

'શ્રી રામકૃષ્ણ-કથામૃત' એમના જીવનની શ્રેષ્ઠ કૃતિ હતી. એ કૃતિ અંગે એમણે કહ્યું હતું : 'મારા રોજબરોજના કામકાજમાં વ્યસ્ત રહેવાને કારણે હું ઈચ્છા મુજબ ઠાકુરની પાસે જઈ શકતો નહીં. એ કારણે દક્ષિણેશ્વરમાં જે કંઈ મળ્યું હતું, એના ઉપર સાંસારિક કાર્યોનું દબાણ આવતાં બધું અસ્તવ્યસ્ત ન થઈ જાય એ ભયથી હું ઠાકુરની વાતો તથા ભાવ લખી રાખતો; અને જતાં પહેલાં હું એ ફરીથી વાંચી જતો ને મનમાં તેની ધારણા કરતો. મારા જ કલ્યાણ માટે મેં પહેલેથી જ લખવું શરૂ કર્યું હતું, જેથી હું એમના ઉપદેશને વધુ સારી રીતે મારા પોતાના જીવનમાં ઉતારી શકું.'

ઈ.સ.૧૮૫૪ની ૧૪ જુલાઈએ કલકત્તામાં જન્મેલા શ્રી માસ્ટર મહાશય વિરલ માતૃભક્ત હતા. તેઓ ચાર વર્ષના હતા ત્યારે માતા સાથે 'માટેરા રથ'નો મેળો જોવા ગયા હતા. સંજોગવશાત્ માતાથી છૂટા પડી જતાં રુદન કરતા કાલીમંદિર સામે ઊભા હતા. તે વખતે એ મંદિરથી બહાર નીકળતા એક શાંતમૂર્તિ બ્રાહ્મણે તેના મસ્તક પર હાથ મૂક્યો અને બાળક સ્વચ્છ થઈને અપલક નેત્રે તેમને જોતો રહ્યો. આ પ્રસંગના સંદર્ભમાં માસ્ટર મહાશય કહે છે : 'કદાચ તેઓ ઠાકુર જ હશે. કેમકે ઠાકુર એ સમયે કાલીમંદિરના પૂજારી હતા.'

બાલ્યાવસ્થાથી જ જેનામાં ધર્મ પ્રત્યે અભિરુચિ હતી એ



માસ્ટર મહાશય કહે છે : 'સાધુસંગની અભીપ્સાએ જ મને સર્વોત્તમ સાધુ શ્રી રામકૃષ્ણનાં ચરણોમાં પહોંચાડી દીધો હતો.'

શ્રીમતી નિકુંજદેવી સાથે ૧૮૭૩માં લગ્ન કર્યા બાદ તા.૨૬-૦૨-૧૮૮૨ના શુભ દિવસે તેમણે પહેલીવાર શ્રી રામકૃષ્ણનાં દર્શન કર્યાં. એમનો ભગવત્પ્રસંગનો વાર્તાલાપ સાંભળતાં એમને એવો ભાવ જાગ્યો કે, 'સાક્ષાત્ શુકદેવજી ભાગવત સંભળાવી રહ્યા છે ?' પ્રથમ મુલાકાતે ઠાકુર સાથે તેમને ખાસ વાર્તાલાપ ન થયો. પણ ભાવાવસ્થામાં જતા રહેલા ઠાકુરે તેમને કહ્યું : 'પુનઃ પધારજો.'

અને થોડાક જ વખત પછી ઠાકુર સાથે માસ્ટર મહાશયને બીજી મુલાકાત થઈ. એ વખતનો એ બંને વચ્ચેનો વાર્તાલાપ અત્યંત રસપ્રદ છે. એના મહત્ત્વના અંશો આ પ્રમાણે છે :

ઠાકુર : અરે, રામલાલ (ઠાકુરનો ભત્રીજો) કેટલી શરમની વાત !

આ તો પરણેલા છે !

(આ સાંભળીને માસ્ટર મહાશય મૂંઝાયા. તેઓને થયું કે, લગ્ન કરવામાં શું ખરાબી છે ?)

ઠાકુર : તમારે સંતાનો છે ?

મા.મ. : હા.

ઠાકુર : ભારે શરમજનક ! તેમને બાળકો પણ છે ! (આ સાંભળીને માસ્ટર મહાશય મૌન થઈ ગયા. તેમનો અહંકાર ઓગળવા લાગ્યો. તેમને હતાશ જોઈ સાંત્વન આપતાં ઠાકુર બોલ્યા)

ઠાકુર : જુઓ. તમારાં લક્ષણ સારાં છે. હું લલાટ, નેત્ર વગેરે જોઈને જાણી શકું છું...મને કહો કે તમારાં પત્ની કેવાં છે ?

મા.મ : સારા સ્વભાવનાં છે, પરંતુ અજ્ઞાની છે.

ઠાકુર : (વાત કાપીને) અને તમે પાછા મોટા જ્ઞાની છો કેમ ? (ઠાકુરનો આ પ્રશ્ન સાંભળી માસ્ટર મહાશયના અહંકારને જોરદાર ફટકો પડ્યો. એમને પાછળથી સમજાયું કે પુસ્તકોનો અભ્યાસ કરવો અને પદવી ધારણ કરવી એ જ્ઞાન નથી; પરંતુ ઈશ્વરને જાણવો એ જ્ઞાન છે, બાકી બધું અજ્ઞાન છે.)

ઠાકુર : તમે સાકારમાં શ્રદ્ધા ધરાવો છો કે નિરાકારમાં ?

મા.મ : નિરાકાર જ સારું લાગે છે.

ઠાકુર : નિરાકારમાં શ્રદ્ધા હોવી ઉત્તમ છે ખરી, તો પણ સાકાર સત્ય છે. આ મંદિરની દેવી મૃણ્મયી નથી, ચિન્મયી છે.

મા.મ : જો આ જ સત્ય હોય તો જે લોકો મૂર્તિની ઉપાસના કરે છે એમને સમજાવી દેવું જરૂરી છે કે વાસ્તવમાં માટીની મૂર્તિ એ ઈશ્વર નથી. મૂર્તિમાં ઈશ્વરના ઉદ્દેશથી પૂજા કરવામાં આવે છે.

ઠાકુર : (તરત બોલી ઊઠ્યા) તમારા કલકત્તાના લોકોમાં આ એક ટેવ, ફક્ત ભાષણ ઝાડવાં અને બીજાને સમજાવી દેવાં ! જો સમજાવવાની જરૂર પડશે તો તે જ સમજાવી દેશે. તમને માથું કેમ દુ:ખે છે ? તમારા પોતાના હૃદયમાં જેથી જ્ઞાન મળે, ભક્તિ મળે, એના માટે જ પ્રયાસ કરોને ?

સ્વામી ગંભીરાનંદ લખે છે કે, 'માસ્ટર મહાશયના અહંકારનો મહેલ એકદમ જમીનદોસ્ત થઈ ગયો. એમને લાગ્યું કે, જાણે ધર્મ અનુભૂતિની બાબત છે, બુદ્ધિ ત્યાં સુધી પહોંચી શકતી નથી. બુદ્ધિરૂપ દુર્બળ સાધનાની મદદથી નિર્ગુણ, નિરાકાર બ્રહ્મતત્ત્વનો આવિષ્કાર થઈ શકતો નથી. આવા પ્રકારના તત્ત્વજ્ઞાનથી પ્રાપ્તિ માટે તત્ત્વદર્શી સાધુઓનો સત્સંગ જરૂરી છે.'



એ પછી માસ્ટર મહાશય પોતાની જાતને પૂર્ણપણે ઠાકુરનાં ચરણોમાં સમર્પીને ઘેર પાછા ફર્યા.

ત્યારબાદ માસ્ટર મહાશય શ્રી રામકૃષ્ણની અંતરંગ મંડળીના અનન્ય અંગ બની ગયા તથા વારંવાર ઠાકુર પાસે જવા લાગ્યા. અફીણના બંધાણી મોરની જેમ એમને ઠાકુરની એવી તો લગની લાગી હતી કે તેઓ ઘરમાં રહીને પણ દક્ષિણેશ્વરનું જ ચિંતન કરતા અને વિરહ અસહ્ય બનતાં ગમે ત્યાંથી દોડીને શ્રીગુરુના ચરણમાં હાજર થઈ જતા. એક વૈશાખી દિવસે પરસેવે રેબઝેબ માસ્ટર મહાશયને આવેલા જોઈ ઠાકુરે કહ્યું : 'આમાં (પોતાને બતાવીને) શું છે કે જેના આકર્ષણથી ઈંગ્લિશમેન (અંગ્રેજી ભણેલાઓ) સુદ્ધાં દોડી આવે છે ?' પછી ઠાકુરે જ કહ્યું હતું : 'જન્મજન્માંતરના સંસ્કાર માસ્ટર મહાશયને ખેંચીને તેમની પાસે લઈ આવે છે.'

એક દિવસ દક્ષિણેશ્વરમાં માસ્ટર મહાશયને ગૃહસ્થી છોડવાની ચિંતામાં ડૂબેલા જોઈને ઠાકુરે કહ્યું : 'જેટલા દિવસો સુધી તમે અહીં આવ્યા ન હતા, એટલા દિવસો સુધી તમે આત્મવિસ્મૃત રહ્યા. હવે તમે પોતાને જાણી શકશો. જે લોકો ભગવાનની વાણીનો પ્રચાર કરશે તેમને થોડા દિવસ સુધી બંધનમાં બાંધીને ગૃહસ્થીમાં રાખે છે, નહીં તો એમની વાત કોણ જણાવશે ? એ કારણે માએ તમને ગૃહસ્થીમાં રાખ્યા છે.'

એકવાર માસ્ટર મહાશય અને નરેન્દ્ર વિદ્યાર્થીઓની નૈતિક અધોગતિ વિશે ચર્ચા કરતા હતા ત્યારે ઠાકુરે એ અટકાવીને કહ્યું હતું : 'આવી વાતો સારી નથી. ઈશ્વરની વાતચીત સિવાય બીજી વાત સારી નથી.'

ઠાકુરે એમ પણ કહ્યું હતું : ‘રૂપિયાથી શું મળે ? દાળ-રોટી મળે બસ, ત્યાં સુધી ભગવાનપ્રાપ્તિ થતી નથી. આથી રૂપિયા જીવનનો ઉદ્દેશ નથી બની શકતા. એનું નામ વિચાર છે.’

એકવાર માસ્ટર મહાશયે ઠાકુરને કહ્યું : ‘અવતાર જાણે એક મોટું છિદ્ર છે. એની અંદરથી અનંત ઈશ્વરને જોઈ શકાય છે.’ ઠાકુરે પૂછ્યું; ‘બોલો તો એ છિદ્ર કોણ છે ?’ માસ્ટર મહાશયે ઉત્તર આપ્યો : ‘તે છિદ્ર આપ છો.’ તરત જ ઠાકુરે માસ્ટર મહાશયની પીઠ થાબડીને કહ્યું : ‘તમે બરાબર જાણી લીધું.’

તા.૧૬ ઓગસ્ટ, ૧૮૮૬માં ઠાકુર બ્રહ્મલીન થયા. તેમનો માનવજાતને છેલ્લો સંદેશ હતો : May you attain supreme knowedge. ‘તમને પરમ જ્ઞાન લાધો.’

ઠાકુરના સ્વધામ ગયા પછી સાંસારિક દૃષ્ટિએ વિચ્છિન્ન માસ્ટર મહાશય તીર્થદર્શન, સાધુસત્સંગ અને તપસ્યામાં લાગી ગયા.

ઠાકુર અંગેની નોંધો-ડાયરી પ્રકાશિત કરવા તે રાજી ન હતા. પણ મા શારદામણિના આદેશનો સ્વીકાર કરી ઈ.સ.૧૮૯૭માં તેમણે ‘Gospel of Sri Ramkrishna’ પુસ્તિકા પ્રકાશિત કરી. પછી તો ક્રમશઃ તેના પાંચ ભાગ પ્રગટ થયા.

૧૯૩૨ની ૪ મી જૂને ‘મા, ગુરુદેવ મને ખોળામાં લઈ લો’ બોલી તેઓ શ્રી ગુરુના ચરણકમળમાં કાયમ માટે પોઢી ગયા. અવસાનના આગલા દિવસે ‘રામકૃષ્ણ-કથામૃત’ના પાંચમાં ભાગનું પ્રૂફ રાત્રે ૯ વાગ્યા સુધી તેઓએ જોયું હતું.

લગભગ ૫૦ વર્ષ સુધી માસ્ટર મહાશયે નિષ્કામભાવે શ્રી



ગુરુમહિમા તેમજ તેમની વાણીનો પ્રચાર-પ્રસાર કર્યો. આજ સુધીમાં આ પુસ્તકનો ઘણી બધી ભાષાઓમાં અનુવાદ થયો છે અને હજારોની સંખ્યામાં તેની નવી નવી આવૃત્તિઓ પ્રકાશિત થતી રહી છે.

ઈશરવૂડ કહે છે : ‘રામકૃષ્ણ કથામૃત’ને એક જ શબ્દમાં વર્ણવવું હોય તો તે શબ્દ છે : ‘Now’ કારણકે, ‘God’s existence has no relation to past or future, It is always as of Now.’ (ઈશ્વરના અસ્તિત્વને ભૂત કે ભવિષ્ય સાથે સંબંધ નથી, એ હંમેશ હમણાંનું જ છે.)

સ્વામી લોકેશ્વરાનંદ લખે છે : ‘As long as Sri Ramkrishna is in our hearts and as long as we need the words; M : will be with us.’

આલ્ડસ હક્સલીએ ‘Gospel’ ને ‘Unique in the liferature of Hagiography’ ગણાવી છે.

પરમહંસ યોગાનંદને માસ્ટર મહાશય ‘છોટા મહાશય’ કહી સંબોધતા. તેમણે માસ્ટર મહાશય વિશે કહ્યું છે : ‘કોઈને માટે કશી નિંદા કે ટીકાની ગંધ સરખી પણ લાવ્યા સિવાય તેઓ અણીશુદ્ધ પવિત્રતાથી ભરેલી આંખો લઈને જગતને નિહાળતા હતા.

ઠાકુર સાથેની તેઓની એકરૂપતા એટલી ઊંડી હતી કે પોતાના વિચારો પોતાના જ છે એમ પણ એ સ્વીકારતા ન હતા.’

**—શ્રી કાર્તિકેય ભટ્ટ**

------X------

‘સાધનાનો આંતક ફેલાવવાનો નથી. કર્મ ઉચિત, વૈજ્ઞાનિક ઢંગથી કરવામાં આવે તો તે કર્મ સાધના બની શકે.’

# ॥ ગુરુનું સૂક્ષ્મ અવલોકન : દયામાતા ॥

આપણે પ્રભુને આપણા જીવનમાં પ્રગટવાનો અવસર આપવો જોઈએ. પણ જો આપણે અરધા પરધા જગતને અને અરધા પરધા એને પકડીએ તો આવી તક મળતી નથી. આપણે બીજું બધું છોડી દઈ શાશ્વતમાં ઊંડી ડૂબકી લગાવવી જોઈએ.

મને બરાબર યાદ છે કે, 'ગુરુદેવના બેઠકરૂમમાં જ્યારે પણ હું આવતી ત્યારે તેમને ત્યાં અવલોકતી. એમની આંખો દિવ્ય પ્રેમથી હીરાની જેમ ઝગમગતી. ત્યાં હાજર સર્વ શિષ્યો અનુભવી શકતા કે તેઓ પ્રભુ સાથેના સાયુજ્યમાં મગ્ન છે. કોઈકવાર તેઓ દિવ્ય માતા સાથે મધુર ગોષ્ઠિ કરતા પણ સંભળાતા.'

તેઓ આંતરિક રીતે અહર્નિશ પ્રભુમાં મગ્ન રહેતા, છતાં તેઓ જે કંઈ કરતા તેમાં એટલો આનંદ અનુભવતા કે, એની તોલે કાંઈ જ ન આવી શકે. એમને માટે કશું કંટાળાજનક નહોતું. તેઓ બહુ સર્જનાત્મક હતા અને જે પણ કંઈ કરતા એ બહુ જ રસપૂર્વક કરતા; કારણ કે એમની ચેતનામાં પ્રભુ સર્વદા ઉપસ્થિત રહેતા અને એમની સઘળી ઇચ્છા પ્રભુને પ્રસન્ન કરવાની રહેતી.

શ્રી યોગાનંદ કહેતા; 'આપણે જ્યાં હોઈએ ત્યાં પ્રભુને પોકારવાનો છે. અને બહાર રાખવાને બદલે આપણે જે કંઈ



કરીએ, ખાતાં-પીતાં-સૂતાં-કામ કરતાં, આપણા પ્રિયજનોને ચાહતી વેળા એ 'વૈશ્વિક પ્રિયતમ'નો હંમેશ વિચાર કરવો જોઈએ. એ તમને-તમારા પ્રેમને ઝંખે છે, તલસે છે.

જો તમે તમારું બધું જ ધ્યાન દુન્યવી પદાર્થો પર રાખશો તો એ પ્રભુનું અપમાન છે. જો તમે પ્રભુ માટે સમય નહીં ફાળવો તો યાદ રાખજો કે એને પણ તમારે માટે સમય નહીં હોય. એ હંમેશાં તમારા આમંત્રણની પ્રતીક્ષામાં છે. પણ તમને એની જરૂર નહીં જણાય તો એ તમારી પાસે નહીં આવે.'

જો તમારું હૃદય પ્રભુમય હશે તો કોઈ તમારો વાળ પણ વાંકો કરી શકશે નહીં.

**—અનુવાદ**

------x------

શ્રી રામકૃષ્ણે કહ્યું હતું : 'અરે ! નરેન, એકાંત જોવું, લોકાન્તમાં જોવું, રાતે જોવું, દિવસે જોવું.' અમારી કથની અને કરણીમાં કોઈ અંતર તો નથી ને ? પછી અમે જે કહી રહ્યા છીએ તે અનુસાર પ્રયોગ કરવા. નહીં તો ઘરના છાપરા ઉપર ચઢીને કહેવું : 'આ રામકૃષ્ણ જે છે તે, ખોટી વાત કરી રહ્યા છે.'

# ॥ શિષ્યાનો સૂક્ષ્મ આદર : જ્ઞાનમાતા ॥

'શ્રી યોગાનંદ સામાન્ય આધ્યાત્મિક શિક્ષક નથી. ઈસુખ્રિસ્ત જેવા ગુરુ છે. જેમની આંતરચેતના પરમેશ્વર સાથે સંવાદી છે એ પ્રભુમય ચેતના પોતાનાથી ક્ષણભર પણ વિસરાતી નથી. એ મારા જીવનના ધ્રુવતારક છે. એમની અને મારી વચ્ચે કશું જ નહીં આવી શકે,' આવો મક્કમ નિર્ધાર કરનાર જ્ઞાનમાતાને કોઈએ પૂછ્યું; 'ગુરુજી ખંડમાં પ્રવેશે છે ત્યારે તમે બહાર કેમ જતાં રહો છો ?' ત્યારે જ્ઞાનમાતાએ કહ્યું; 'એ મારા પર દૃષ્ટિ કરે, એને માટે મારા તરફથી કોઈ નાનકડું અમસ્તું કારણ પણ હું આપવા ચાહતી નથી. હું એક શબ્દ પણ મારા માટે એ ઉચ્ચારે એવું પ્રેરવા હું નથી માગતી.' ગુરુ માટે કેવો સૂક્ષ્મ-સૂઝભર્યો આદર ! કેટલી સહજ સંવાદિતા અને કેવી વિનમ્રતા !

જ્ઞાનમાતા 'સાચી શિષ્યા' શબ્દના દરેક અર્થમાં હતાં. ગુરુની ઈચ્છાને શરણે રહેવામાં ગુરુની પ્રત્યક્ષ-પ્રગટ હાજરી પણ એમને આવશ્યક લાગતી નહોતી. ગુરુ માટે કેવો ઊંડો પ્રેમ અને કેવી સુકુમાર કાળજી !

જો કોઈ આગંતુક જ્ઞાનમાતાની મુલાકાતથી પીડાહરક શક્તિની શાતા અનુભવતો તો તેઓ કહેતાં; 'તમારો ઉપચાર મારી મારફત ગુરુ કરે છે.' શ્રી યોગાનંદને પણ કહેલું; 'હું મારી જાતને આપનાં પવિત્ર આંદોલનોની સંગ્રહિત બેટરી માનું છું.'

ગુરુ એમના પત્રોના પ્રત્યુત્તર પાઠવી ન શકતા પણ એકવાર



એમણે જ્ઞાનમાતાને લખેલું : 'હું મારા હૃદય અને ચૈતન્યથી તમને હંમેશ લખતો રહું છું.'

જ્ઞાનમાતાની શ્વાસલીલા સંકેલાઈ જતાં કોઈકે કહ્યું; 'એ નિદ્રામાં જતાં રહ્યાં.' ત્યારે શ્રી યોગાનંદે કહ્યું; 'ના, એ જાગૃતિમાં આવવા જેવું હતું.'

નામરૂપ ત્યજી જ્ઞાનમાતાએ શાશ્વતતાનું પરિધાન કરી લીધું. પ્રત્યેક ફૂલ, પ્રત્યેક પર્ણ, પ્રત્યેક હવાની લહેરમાં, ધરતીના અણુ-રેણુમાં, ચમકતા તારા, પ્રકાશતા સૂર્ય-ચન્દ્ર, આકાશગંગામાં જ્યાં જ્યાં 'વૈશ્વિક ચૈતન્ય' છે ત્યાં એમનો 'આત્મા' અનુભવી શકાય છે.

**—અનુવાદ**

------X------

'કૃષ્ણાત્ પરં કિમપિ તત્ત્વમહં ન જાને' જે કૃષ્ણને અંદર ખોળે, બહાર નહીં ને જ્યારે 'કૃષ્ણ' સિવાય બીજા કશાની સ્પૃહા નહીં હોય ત્યારે એ સ્વયં દર્શન દેશે. અને એકવાર અંદર દેખાય પછી સર્વત્ર એ જ દેખાશે. એટલા માટે હૃદય એનાં દર્શનની ઈચ્છાથી પરિપૂર્ણ હોવું જોઈએ. ફંફોસી જોજો હૃદયને કદાચ કૃષ્ણ સિવાય બીજી ઘણી ચીજોની સ્પૃહા રહી હશે. લક્ષ્ય કૃષ્ણદર્શન એને સહાયક હોય ત્યાં લગી બધું ઠીક છે-બાકી સંગીત, સાહિત્ય, શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન બધુંએ ખાલીખમ છે. ખાલીખમ, ખાલીખમ.

# ॥ કર્પૂરવનમાં સાધનાપર્વ ॥

પરમ પ્રેમમયી 'મા' હરક્ષણ સાધકોને જાગૃત રહેવા માટેની 'મંગલ યોજનાઓ' સૂચવતાં રહે છે. એના જ એક ભાગરૂપે પોતાની વિદેશયાત્રા દરમિયાન સ્વર્ગારોહણમાં દર મહિનાના બીજા અનો ચોથા રવિવારે એક વિશિષ્ટ સાધનાપર્વનું આયોજન તેઓશ્રીએ વિચારી આપેલું. જેથી 'સ્વર્ગારોહણ' તીર્થના પવિત્ર પરમાણુઓનો સ્પર્શ ભક્તો પામી શકે.

૨૨ એપ્રિલના રોજ સ્વર્ગારોહણમાં આયોજિત સાધનાપર્વ પૂજ્ય 'મા'ના પ્રાગટ્યધામ કર્પૂરવનમાં યોજાયું. કારણ કે સ્વર્ગારોહણમાં સાધકોની સગવડો વધારવાનું કામ ચાલુ હતું.

સુરતથી ૩૨, વડોદરાથી ૪, રાજકોટથી ૧ અને મુંબઈથી બે ભક્તો તેમજ કર્પૂરવનના સ્થાનિક ભક્તોની મંડળીએ સવારે ૯.૩૦ વાગે નવ મંત્રગાન સાથે સાધનાપર્વનો શુભારંભ કર્યો. પૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ 'મા'ની બાવની તેમજ ત્રણ પ્રાર્થના બાદ બધાંએ 'પ્રેમસંગીત'નું પારાયણ કર્યું. ૧૨ થી ૧૨.૨૦ પ્રણામોથી પૂર્ણાહુતિ પામેલું પર્વ સર્વના હૃદયને પ્રેમપ્લાવિત કરી ગયું.

અંતઃકરણમાં અધિષ્ઠિત પ્રભુપ્રેમના સ્મરણગાન બાદ 'જીવતા દેવોને સેવો'ના પૂ.'મા'ના પ્રેમાદેશ અનુસાર શ્રી ઉર્વશીબહેને ઓસ્ટ્રેલિયામાં વસતા, પૂ.'મા' જેમને વડીલ તરીકે આદર આપે છે, એવાં શ્રી લક્ષ્મીબેન પંતનો પરિચય આપ્યો. જેમના સુપુત્ર શ્રી ભાસ્કરભાઈ અને તેમનાં ધર્મપત્ની હેમાબહેન કર્પૂરવનના પૂ.'મા'ના પ્રાગટ્યધામની દેખરેખ રાખે છે.

નવાં જ રૂપરંગ સાથે સજાવટ પામેલું કર્પૂરવન પ્રાગટ્યતીર્થ શ્રીકૃષ્ણ, શ્રી શંકર, શ્રી રામ લક્ષ્મણ-સીતાજી તેમજ પરમપૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ 'મા'નાં નવાં સ્વરૂપોથી એવું તો જીવંત અને ચિન્મય બની ગયું છે કે, એનો ખૂણેખૂણો જાણે અમને



પ્રેમથી આવકારી રહ્યો હતો. અમે અત્યંત કૃતજ્ઞભાવે એ પ્રેમપરમાણુઓને સત્કારતાં ધન્ય બની ગયાં.

૧૨.૩૦ થી ૨.૩૦ મૌનસાધના હતી. એટલે દરેક ભક્ત પોતાની રીતે પ્રાર્થના, પ્રણામ, માળા, પઠન, ધ્યાનમાં મગ્ન બની ગયા. કહો ને કે એ તીર્થના પવિત્ર, શાન્ત, મંગલમય સ્વરૂપના જ એક અંશ બની રહ્યા !

બપોરે ૨.૩૦ વાગે શ્રી કિશોરભાઈના સુપુત્ર સત્યેનભાઈ તરફથી વધારેલી ખીચડી, છાશ, અથાણું, પાપડ, કચુંબર-મહાપ્રસાદ પ્રાપ્ત થયો. ૧૫ મિનિટના વિશ્રામ બાદ પૂજ્યશ્રીની અમૃતવાણીનું પાન કર્યું. નવ મંત્રગાન કરી, સિંગ-કેળાનો પ્રસાદ મેળવી, એ યાત્રાસ્થાનેથી પરત ફર્યાં. પૂજ્ય 'મા'ની સૂચના અનુસાર કર્પૂરવનનાં જૂનાં સ્વરૂપોનું નર્મદાજીના પ્રવાહમાં વિસર્જન કર્યું. એમાંનાં બે સ્વરૂપો અમે પૂ.'મા'ની અનુમતિથી અમારે ઘરે પ્રતિષ્ઠિત કરી લીધાં. હૃદયથી પ્રાર્થના થઈ : 'હે પ્રભુ ! સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે અમને શીખવ.'

પૂજ્યશ્રી યોગેશ્વરજીના નિત્યના આશીર્વાદ-પૂજ્ય 'મા'ના એકધારા પ્રેમના પ્રતીક જેવી કર્પૂરવનની સ્નેહસંનિધિ માણ્યા પછી, અમ સર્વ યાત્રિકોના મન-અંતરમાં એક જ ભાવ પ્રગટ્યો કે :

'હે કર્પૂરવન ! તું જેમ 'મા'ની પ્રાગટ્યભૂમિનું ગૌરવ પ્રાપ્ત કરી ધન્ય બન્યું એમ અમારાં સર્વના હૃદયને 'મા'ના 'અનંત પ્રેમની અવતરણભૂમિ' બનવાનું સૌભાગ્ય અર્પી, ધન્ય કરજે.' એના માટે આ એક દિવસ નહીં, આખું જીવન સાધનાપર્વ બનાવવા શક્તિ અર્પજે.'

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનાં શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

—શ્રી અશ્વિન કાકા

——X——